નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765 Daily Morning Newspaper

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ । Date :2 DECEMBER 2024 I MONDAY I Page :8 I Year : 2 I Issue :205 I Price: 2/-




ગુજરાતમાં ૧.૨૦ લાખથી વધુને એઈડ્સ, દર ૧ લાખ વ્યક્તિએ ૪ને સંક્રમણ, વર્ષમાં ૮૦૦નાં મોત

જુઓ પેજ નં.૫

## બ્રિક્સ દેશોની સંયુક્ત કરન્સીની કોઈ જ સંભાવના નથી : જયશંકર





### ટ્રમ્પની ધમકી પહેલાં જ ભારતે વલણ સ્પષ્ટ કર્યું હતું

નવી દિલ્હીઃ બ્રિક્સ દેશો દ્વારા અમેરિકન ડોલરને નબળો પાડીને બ્રિક્સનું પોતાનું ચલણ બનાવવાની તૈયારીના વિરોધમાં અમેરિકાના ચૂંટાયેલા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગંભીર પરીણામોનો સામનો કરવાની ધમકી આપી છે ત્યારે ભારતના વિદેશ મંત્રી સુબ્રમણ્યમ જયશંકરે અગાઉ જ બ્રિક્સ દેશોના સંયુક્ત કરન્સી અંગે પોતાનો મત સ્પષ્ટ કરી દીધો હતો. જયશંકરે કહ્યું કે, બ્રિક્સના સંયુક્ત ચલણ પર ભારત પોતાનો સ્પષ્ટ મત વ્યક્ત કરી ચૂક્યું છે. બ્રિક્સ દેશોમાં કોઈ સંયુક્ત ચલણ વિકસિત થવાની સંભાવના બહુ ઓછી છે, કારણ કે દરેક દેશ પોતાના ચલણ મારફત વૈશ્વિક વેપાર કરવા માગે છે અને તેના માટે તેમની વચ્ચે નાણાં નીતિઓ, ચલણની નીતિઓ અને રાજકીય દૃષ્ટિકોણોનું મજબૂત સામંજસ્ય હોવું જરૂરી છે. જયશંકરે કહ્યું કે, અનેક દેશોનું કહેવું છે કે તેમને કોઈ ત્રીજા ચલણની જરૂર નથી. ક્યારેક તે લિક્વિડિટી, ખર્ચ અને દક્ષતાનો મુદ્દો બની જાય છે. બ્રિક્સ દેશો વચ્ચે વિવિધ નાણાકીય, કરન્સી અને રાજકીય દૃષ્ટિકોણ છતાં કોઈ સંયુક્ત ચલણની કોઈ શક્યતા નથી.




## નવેમ્બરમાં જીએસટી કલેકશન ૮.૫ ટકા વધીને રૂ. ૧.૮૨ લાખ કરોડ

### નવેમ્બર, ૨૦૨૩માં જીએસટી ક્લેકશન ૧.૬૮ લાખ કરોડ હતું

નવી દિલ્હીઃ નવેમ્બરમાં જીએસટી કલેક્શન ૮.૫ ટકા વધીને ૧.૮૨ લાખ કરોડ રૂપિયા રહ્યું છે. એક વર્ષ અગાઉના સમાન ગાળામાં જીએસટી કલેકશન ૧.૬૮ લાખ કરોડ રૂપિયા રહ્યું હતું. ઉલ્લેખનીય છે કે ઓક્ટોબરમાં જીએસટી કલેક્શન ૧.૮૭ લાખ કરોડ રૂપિયા રહ્યું હતું. સપ્ટેમ્બરમાં આ કલેક્શન ૧.૭૩ લાખ રૂપિયા હતું. નવેમ્બર મહિનામાં ડોમેસ્ટિક ટ્રાન્ઝેકશન દ્વારા સરકારને વધારે આવક પ્રાપ્ત થઇ છે જેની અસર જીએસટી કલેક્શનમાં વૃદ્ધિના સ્વરૂપમાં જોવા મળી છે. સરકાર દ્વારા જારી કરવામાં આવેલા આંકડા અનુસાર નવેમ્બરમાં સેન્ટ્રલ જીએસટી કલેક્શન (સીજીએસટી) ૩૪,૧૪૧ કરોડ રૂપિયા, સ્ટેટ જીએસટી કલેક્શન (એસજીએસટી) ૪૩,૦૪૭ કરોડ રૂપિયા, ઈન્ટેટગ્રેટેડ જીએસટી કલેક્શન (આઈજીએસટી) ૯૧,૮૨૮ કરોડ રૂપિયા અને સેસ ૧૩,૨૫૩ કરોડ રૂપિયા રહ્યું છે. નવેમ્બરમાં ડોમેસ્ટિક ટ્રાન્ઝેકશનથી જીએસટી ૯.૪ ટકા વધી ૧.૪૦ લાખ કરોડ રૂપિયા રહ્યું છે. જ્યારે આયાત પર ટેક્સથી આવક લગભગ ૬ ટકા વધી ૪૨,૫૯૧ કરોડ રૂપિયા રહી છે. નવેમ્બરમાં ૧૯,૨૫૯ કરોડ રૂપિયાનું રિફંડ જારી કરવામાં આવ્યું હતું.

## તારાજીના ભયાનક દ્રશ્યોઃ તમિલનાડુમાં ત્રાટક્યું ફેંગલ વાવાઝોડું, ત્રણના મોત, અનેક વિસ્તારો જળમગ્ન

તમિલનાડુ અને પુડુચેરીમાં ફેંગલ વાવાઝોડાના કારણે ભારેથી અતિ ભારે વરસાદ થઈ રહ્યો છે. બંને રાજ્યોમાં તારાજીના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. આ ઉપરાંત ૩ લોકોના મૃત્યુ થયાના અહેવાલ છે. જો કે, હવામાન વિભાગે જણાવ્યું છે કે, આગામી ૩-૪ દિવસમાં વાવાઝોડું નબળું પડશે. ભારતીય હવામાન વિભાગ અનુસાર, પુડુચેરી શહેરમાં ફેંગલ વાવાઝોડાના કારણે ભારે વરસાદ પડી રહ્યો છે, જ્યાં રવિવારે (પહેલી ડિસેમ્બર)૧૯ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. વર્ષ ૧૯૯૫-૨૦૨૪ દરમિયાન છેલ્લા ૩૦ વર્ષમાં ૨૪ કલાકમાં સૌથી વધુ વરસાદ નોંધાયો છે.







## તંત્રી લેખ

–રાજેશ યુ. બગડાઈ

# દુનિયા પર દાદાગીરી



અમેરિકા મની પાવરના જોરે બીજા વિશ્વયુધ્ધ પછીથી દુનિયા પર દાદાગીરી કરે છે. અમેરિકાના ડોલરની સર્વોપરિતા સામે છેલ્લાં કેટલાંક વરસોમાં પડકાર ઉભો થયો છે. ટ્રમ્પે અમેરિકાની ચૂંટણી જીતવા અમેરિકાને સૌથી તાકાતવર બનાવવાનું વચન આપેલું. એ માટે ટ્રમ્પનું પહેલું ટાર્ગેટ 'બ્રિક્સ' હશે એ નક્કી હતું કેમ કે 'બ્રિક્સ'ના કારણે દુનિયામાં ડી-ડોલરાઈઝેશનના અભિયાને વેગ પકડયો છે. 'બ્રિક્સ'ના સભ્ય દેશો દુનિયામાં ૪૫ ટકા વસતી અને ૨૮ ટકા જીડીપી ધરાવે છે. વિશ્વમાં કુલ ખરીદશક્તિમાં ૪૦ ટકા હિસ્સો ધરાવે છે. આ દેશો અંદરોઅંદર પણ 'બ્રિક્સ' કરન્સી વાપરવા માંડે તો અમેરિકાના ડોલરના ભાવ ગગડી જાય અને અમેરિકાનું વર્ચસ્વ ખતમ થઈ જાય. આ કારણે અમેરિકાને 'બ્રિક્સ'ને મોટું થવા દેવું કે 'બ્રિક્સ' કરન્સી શરૂ થવા દેવું પરવડે તેમ જ નથી.

અમેરિકાના પ્રમુખપદની ચૂંટણીમાં જીતેલા ડોનાલ્ડ ટ્રમ્પે ગયા અઠવાડિયે પોતે પ્રમુખ બન્યા પછી ક્યા ક્યા દેશોના માલસામાન પર કેટલી કસ્ટમ ડ્યુટી નાંખશે તેની વાત કરેલી. ટ્રમ્પે મેક્સિકો, કેનેડા અને ચીનનો ઉલેખ કરેલો તેથી ભારતમાં સૌ હરખાતા હતા કે, ટ્રમ્પ ભારતને કંઈ નહીં કરે. મીડિયાના અતિ ઉત્સાહી વર્ગે તો ટ્રમ્પ નરેન્દ્ર મોદી સાથેની દોસ્તી નિભાવીને ભારતના માલ પર ડ્યુટ નહીં લગાવે એવું કહીને મોદીની તારીફમાં કસિદા પણ પાઢી નાંખેલા. આ વાતને ચાર દાડા નથી થયા ત્યાં ટ્રમ્પે પોત પ્રકાશ્યું છે.

ટ્રમ્પે 'બ્રિક્સ'ના ૯ દેશોને ખુલ્લી ધમકી આપી છે કે, વૈશ્વિક વ્યાપારમાં ડોલરની જગાએ બીજી કરન્સીની વાત કરી છે તો અમેરિકામાં આવતા તમારા માલ પર ૧૦૦ ટકા કસ્ટમ્સ ડ્યુટી ઠોકી દઈશું. 'બ્રિક્સ' સંગઠનના દેશો પોતાની કરન્સી લાવવા પણ વિચારે છે. આ મુદ્દે તો ટ્રમ્પે વધારે આક્રમક બનીને કહી દીધું છે કે, 'બ્રિક્સ' કરન્સી લાવવાનું તો વિચારતા જ નહીં, બાકી હાલત ખરાબ કરી નાંખીશ. ટ્રમ્પે લખ્યું છે કે, અમેરિકા સાથે ધંધો કરવા હોય તો 'બ્રિક્સ'ના સભ્ય તમામ દેશોએ ખાતરી આપવી પડશે કે ભવિષ્યમાં કદી 'બ્રિક્સ' કરન્સી નહીં લાવીએ કે અમેરિકાનો ડોલર નબળો પડે એવું કશું નહીં કરીએ. એવું કર્યું તો અમેરિકાના અદભૂત અર્થતંત્રને ગુડ બાય કહેવા તૈયાર રહેવું પડશે. ટ્રમ્પે એકદમ ગંદી ભાષા વાપરીને કહ્યું છે કે, આ દેશોએ નવો 'સકર' શોધી લેવો પડશે. ટ્રમ્પે તો 'બ્રિક્સ'ના સભ્ય નથી એવા દેશોને પણ ધમકી આપી છે કે, 'બ્રિક્સ' વૈશ્વિક વ્યાપારમાં અમેરિકાના ડોલરન વિકલ્પ બને એવી કોઈ શક્યતા જ નથી તેથી 'બ્રિક્સ'ના રવાડે ચડવાની કોશિશ કરનારે અમેરિકાને અલવિદા કહેવું પડશે.

'બ્રિક્સ' બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન, સાઉથ આફ્રિકા એ પાંચ દેશોએ સ્થાપેલું સંગઠન છે. આ પાંચેય દેશોના નામના પહેલા અક્ષર લઈને 'બ્રિક્સ' બન્યું છે. ૨૦૦૯માં સ્થપાયેલું સંગઠન 'બ્રિક્સ' છેલ્લાં કેટલાંક વરસોથી અમેરિકા-યુરોપની સામે નવી આથક ધરી બનાવવા મથી રહ્યું છે. તેના કારણે દુનિયાના ઘણા દેશોને તેમાં રસ પડી ગયો છે. 'બ્રિક્સ'ના સ્થાપક સભ્યો ફૂંકી ફૂંકીને આગળ વધી રહ્યા છે તેથી અત્યાર સુધીમાં ઈરાન, યુએઈ, ઈથિયોપિયા અને ઈજીપ્ત એમ ૪ નવો સભ્યો લેતાં કુલ સભ્ય સંખ્યા ૯ થઈ છે. તુર્કી, અઝરબૈઝાન તથા મલેશિયાએ 'બ્રિક્સ'ના સભ્ય બનવા અરજી કરી છે ને તેમને પણ ભવિષ્યમાં સભ્યપદ મળે એવી શક્યતા છે. સાઉદી અરેબિયા સહિતના બીજા ઘણા દેશો પણ સભ્ય બનવા અરજી કરી છે તેથી 'બ્રિક્સ'નો વ્યાપ ધીરે ધીરે વધી રહ્યો છે. ટ્રમ્પની ધમકીએ સમગ્ર દુનિયામાં ખળભળાટ મચાવ્યો છે પણ ટ્રમ્પની ધમકી અપેક્ષિત છે કેમ કે 'બ્રિક્સ'ના કારણે અમેરિકાની સર્વોપરિતા સામે સૌથી મોટો ખતરો છે.

# મતદાન કેન્દ્રો પર વોટર્સની સંખ્યા વધારવાના ચૂંટણી પંચના નિર્ણયનો વિરોધ, સોમવારે SCમાં સુનાવણી



ચૂંટણી પંચ દ્વારા જારી કરાયેલા બે આદેશોને પડકારતી પીઆઈએલ પર સુપ્રીમ કોર્ટે સોમવારે સુનાવણી કરશે. આ અરજી ભારતના દરેક મતવિસ્તારમાં દરેક મતદાન મથક પર મતદારોની સંખ્યા વધારવાના ચૂંટણી પંચના નિર્ણય પર ઈન્દુ પ્રકાશ સિંહ દ્વારા સુપ્રીમ કોર્ટમાં પીઆઈએલ દાખલ કરવામાં આવી છે.

હકીકતમાં ચૂંટણી પંચ દ્વારા ઓગસ્ટ ૨૦૨૪માં બે સૂચના જારી કરવામાં આવી હતી. આ આદેશ અનુસાર દેશના દરેક મતદાન મથક પર મતદારોની સંખ્યા ૧૨૦૦ થી વધારીને ૧૫૦૦ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. આ આદેશને પડકારવા માટે સુપ્રીમ કોર્ટમાં જાહેર હિતની અરજી દાખલ કરવામાં આવી છે.

ઈન્દુ પ્રકાશ સિંહના વકીલ અભિષેક સિંઘવીએ આ પીઆઈએલ અંગે વાત કરતાં કહ્યું કે, દરેક મતદાન મથક પર મતદારોની સંખ્યા ૧૨૦૦ થી વધારીને ૧૫૦૦ કરવાથી વંચિત સમુદાયના મતદાનમાં ભાગ લેવાની સંભાવના છે. કારણ કે કોઈપણ બૂથ પર મતદારોની સંખ્યા વધુ હોય ત્યારે મતદાનમાં વધુ સમય લાગશે. એટલે કે, મતદાન મથક પર લાંબી કતારો અને રાહ જોવી મતદારો માટે સમસ્યા પેદા થઈ શકે છે.અરજદારની દલીલ પર બેન્ચે કહ્યું કે, ચૂંટણી પંચ ઈચ્છે છે કે વધુને વધુ લોકો મતદાન કરે અને ઈવીએમના ઉપયોગથી સમયની બચત થાય. પંચ મતદાનનો સમય ઘટાડવા માટે વધુ ઈવીએમનો ઉપયોગ કરવાની કોશિશ કરી રહ્યું છે. આ અરજીમાં કહેવામાં આવ્યું છે કે, ચૂંટણી પંચના આ નિર્ણયની અસર આવતા વર્ષે બિહાર અને દિલ્હીમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણી દરમિયાન મતદારો પર પડશે. વરિષ્ઠ એડવોકેટ અભિષેક સિંઘવીનું કહેવું છે કે મતદાન કરવામાં ૧ સેકન્ડનો સમય લાગે છે, અને તેથી એક દિવસમાં ૬૬૦ થી ૪૯૦ લોકો એક ઊટઆ સાથે મતદાન કેન્દ્ર પર પોતાનો મત આપી શકે છે. સરેરાશ મતદાનની ટકાવારી ૬૫.૭૦ ટકા છે, એટલે તે ધ્યાનમાં લેતા એવો અંદાજ લગાવી શકાય છે કે, ૧,000 મતદારોને સ્વીકારવા માટે તૈયાર કરવામાં આવેલ મતદાન મથક પર લગભગ ૬૫૦ મતદારો આવે છે.

# 'ભારત અને બાંગ્લાદેશમાં કોઈ અંતર નહીં' મહેબૂબા મુફ્તીનું વિવાદાસ્પદ નિવેદન, ભાજપ ભડક્યું



જમ્મુ કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી અને પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (પીડીપી) મહેબૂબા મુફ્તીનું વિવાદાસ્પદ નિવેદન સામે આવ્યું છે. જેમાં તેમણે બાંગ્લાદેશમાં લઘુમતી સમુદાયોની સ્થિતિની ભારતમાં લઘુમતીઓ સાથે સરખામણી કરી છે. જેને લઈને રાજકીય વિવાદ ઊભો થયો છે. ભાજપના ઘણા નેતાઓએ પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટીના વડાં મહેબૂબા મુફ્તીના નિવેદનની નિંદા કરી છે અને જમ્મુ કાશ્મીર સરકારને તેમની સામે પગલાં લેવાની માંગ પણ કરી છે અને મહેબૂબા મુફ્તીની ટિપ્પણીને 'રાષ્ટ્ર વિરોધી' ગણાવી છે.

મહેબૂબા મુફ્તીએ રવિવારે કહ્યું કે, 'બાંગ્લાદેશમાં હિંદુઓ પર અત્યાચાર થઈ રહ્યો છે, જો ભારતમાં પણ લઘુમતીઓ પર અત્યાચાર થઈ રહ્યા છે તો ભારત અને બાંગ્લાદેશમાં શું ફરક છે? મને ભારત અને બાંગ્લાદેશમાં કોઈ ફરક દેખાતો નથી.'બાંગ્લાદેશમાં હિન્દુ સંત ચિન્મય કૃષ્ણ દાસને લઈને વિરોધ પ્રદર્શન થઈ રહ્યો છે, તેવામાં મહેબૂબા મુફ્તીનું આ વિવાદિત નિવેદન સામે આવ્યું છે. જ્યારે સંભલ મસ્જિદ સર્વેને લઈને થયેલાં વિવાદ પર મહેબૂબા મુફ્તીએ કહ્યું કે, 'સંભલની ઘટના ઘણી દુર્ભાગ્યપૂર્ણ છે. કેટલાક લોકો દુકાનોમાં કામ કરી રહ્યાં હતા અને તેમને ગોળી મારવામાં આવી. અજમેર શરીફ દરગાહ ખાતે બધા ધર્મના લોકો પ્રાર્થના કરે છે. જે ભાઈચારના સૌથી મોટી મિસાલ છે, ત્યાં પણ મંદિર શોધવા માટે ખોદકામ કરવાની કોશિશ કરી રહ્યાં છે.' મહેબૂબાએ દાવો કર્યો કે, 'દેશ ૧૯૪૭ની સ્થિતિમાં પાછો જઈ રહ્યો છે. જ્યારે યુવાનો નોકરીની વાત કરે છે તો એમને નોકરી નથી મળતી. આપણી પાસે સારા દવાખાન કે યોગ્ય શિક્ષણ નથી. તેઓ (સરકાર) રોડ રસ્તાની હાલત સુધારી શકતી નથી, પરંતુ મંદિર શોધવા માટે મસ્જિદ તોડવાની કોશિશ કરવામાં આવી રહી છે.'

# PMJAY હેઠળ ખાસ પ્રકારની સારવારઃ દર્દી-સગાની સંમતિનો ઓડિયો-વીડિયો ફરજિયાત લેવાનો રહેશે

## ગાંધીનગર ખાતે ક્લિનીકલ એસ્ટાબ્લિસમેન્ટ એક્ટ હેઠળની સ્ટેટ કાઉન્સિલની બેઠક, ૧૨ માર્ચ ૨૦૨૫ સુધી રાજ્યની તમામ હોસ્પિટલને ફરજિયાત રજીસ્ટ્રેશન કરાવવા સુચના

અમદાવાદમાં ખ્યાતિ હોસ્પિટલ કાંડમાં PMJAY યોજનામાં કૌભાંડનો ખુલાસો થયાં બાદ તંત્ર દોડતું થયું હતું. જ્યારે ગાંધીનગર ખાતે આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં PMJAY યોજનાને લઈને સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં ઋષિકેશ પટેલે આ યોજનાની સમગ્ર કામગીરી, વ્યવસ્થાપન, પ્રિ-ઓથ જનરેશનથી લઈને ક્લેઈમ એપ્રુવલ સુધીની તબક્કાવાર પ્રક્રિયાની વિગતવાર માહિતી મેળવને PMJAY યોજના અંગેના જરૂરી સૂચનો આપ્યા હતા.



ઋષિકેશ પટેલે જણાવ્યું કે, ડ્ખઉંઅઢ યોજના હેઠળની રાજ્યની કોઈપણ હોસ્પિટલમાં સારવારની આડમાં માનવ જિંદગી સાથે ચેડાં કરનારા ડોક્ટર કે હોસ્પિટલની ગેરરીતિને સાંખી લેવામાં આવશે નહીં. ડ્ખઉંઅઢ યોજનામાં ગેરરીતિ કરતાં લોકો સામે કડક પગલાં લઈને ઉદાહરણરૂપ કાર્યવાહી કરવામાં આવશે. આ સાથે તેમણે કહ્યું કે, PMJAY યોજનાના પ્રવર્તમાન માળખા, વ્યવસ્થાપન અને કામગીરીને યોગ્ય રીતે કરવા માટે સૂચના આપવામાં આવી હતી.

મંત્રીએ વધુમાં જણાવ્યું કે, PMJAY યોજનામાં એમ્પેનલ્ડ હોસ્પિટલ માટે કાર્ડિયોવાસ્ક્યુલર, કાર્ડિયોલોજી, બાળરોગ, રેડિયો અને કિમોથેરાપી સંદર્ભે નવીન માર્ગદર્શિકા બહાર પાડવામાં આવશે. આ સાથે સ્ટેટ એન્ટી ફ્રોડ યુનિટ(SAFU)ને વધુ સુદ્રઢ કરવામાં આવશે. તેમજ નવી ટીમ તૈયાર કરી હોસ્પિટલોની વિઝિટ કરીને રિપોર્ટ મંગાવવામાં આવશે. નેશનલ એન્ટી ફ્રોડ યુનિટ(NAFU)ને જાણ કરીને રાજ્યની જરૂરિયાત મુજબના સુધારા વધારા કરાશે. જેમાં એન્જીયોગ્રાફી અને એન્જીયોપ્લાસ્ટી પ્રોસિજરની વિગતો દર્શાવતી ઈઉ ફરજિયાતપણે પોર્ટલ પર અપલોડ કરવાની રહેશે. આ પોર્ટલ સંબંધિત સોફ્ટવેર અંતિમ તબક્કામાં છે, જે ટૂંક સમયમાં શરૂ થશે.

સમીક્ષા બેઠકમાં અધિકારીઓને સૂચના આપતા ઋષિકેશ પટેલે કહ્યું કે, મુખ્ય જિલ્લા મેડિકલ ઑફિસર ઑફ હેલ્થ દ્વારા મહિનામાં ઓછામાં ઓછી બે હોસ્પિટલોની ઓડિટ વિઝિટ કરવાની રહેશે. જેમાં હોસ્પિટલોની કામગીરીનું મૂલ્યાંકન આધારિત ગ્રેડેશન કરવામાં આવશે. આ ઉપરાંત, ડ્ખઉંઅઢ યોજના હેઠળ હોસ્પિટલમાં ખાસ પ્રકારની સારવાર માટે દર્દી અને તેઓના સગાને સારવારની વિગતવાર સમજણ આપવાની સાથે તેમની સંમતિ ઓડિયો-વીડિયો માધ્યમથી ફરજિયાત લેવાની રહેશે.

# વર્ષના છેલ્લા મહિને પણ મોંઘવારીનો માર, કોમર્શિયલ LPG સિલિન્ડરના ભાવમાં ફરી વધારો

વર્ષના છેલ્લા મહિનાની પહેલી તારીખે ફરી એકવાર મોંઘવારીનો જોરદાર આંચકો લાગ્યો છે અને ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ એલપીજી સિલિન્ડરના ભાવમાં વધારો કર્યો છે. કંપનીઓએ તમામ શહેરોમાં સુધારેલી કિંમતો જારી કરી દીધી છે.માહિતી અનુસાર ૧૯ કિલોના કોમર્શિયલ ક્ક્ત્રૃ સિલિન્ડર લગભગ ૧૮ રૂપિયા મોંઘો થયો છે. અગાઉ પહેલી નવેમ્બરે પણ સિલિન્ડરના ભાવમાં વધારો કરવામાં આવ્યો હતો. જોકે, આ વખતે પણ ૧૪ કિલોના ઘરેલુ ગેસ સિલિન્ડરની કિંમતો કોઈ ફેરફાર કર્યા વિના સ્થિર છે.

એલપીજી સિલિન્ડરના ભાવમાં થયેલા ફેરફારો પર નજર કરીએ તો દિલ્હીથી મુંબઈ અને કોલકાતાથી ચેન્નાઈ સુધી ૧૯ કિલોના કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં વધારો થયો છે. ૧ ડિસેમ્બરે દેશની રાજધાની દિલ્હીમાં ૧૯ કિલોના એલપીજી સિલિન્ડરની કિંમત ૧૮૧૮.૫૦ રૂપિયા થઈ ગઈ છે, જે અત્યાર સુધી ૧૮૦૨ રૂપિયા હતી.

# તિરુપતિ મંદિરના પરિસરમાં રાજકીય ભાષણો પર પ્રતિબંધ, પવિત્રતા જાળવવા મોટો નિર્ણય

તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ (ટીટીડી)એ મંદિરની શાંતિ અને પવિત્રતા જાળવવા ભગવાન વેંકટેશ્વર મંદિર ખાતે રાજકીય અને નફરત ફેલાવતા ભાષણો પર પ્રતિબંધ મુક્યો છે. દર્શન અને પૂજા કર્યા પછી રાજકીય નેતાઓ સહિત કેટલીક વ્યક્તિઓ મીડિયા સામે રાજકીય અને ભડકાઉ ભાષણો આપતા હોવાની ફરિયાદ થઈ હતી. જેના કારણે તિરુમાલાની શાંતિ જોખમમાં મુકાતા આ પગલું લેવામાં આવ્યું હતું. ટીટીડીએ સ્પષ્ટતા કરી કે, ગોવિંદા જેવા સૂત્રોચ્ચારથી સર્જાતા દિવ્ય વાતાવરણ માટે જાણીતા આ મંદિરની પવિત્રતા જળવાઈ રહેવી જોઈએ.

# રૈયા ગામ પાસે બનશે હાઈલેવલ ઓવરબ્રિજ

મહાનગરપાલિકા દ્વારા સ્માર્ટસીટીની મોટાભાગની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. અટલ સરોવરનું લોકાર્પણ થઈ ગયા બાદ રીંગ રોડ-૨ ઉપર બીઆરટીએસ સહિતનું કામ પણ પૂર્ણ કરવામાં આવે છે. પરંતુ રાજકોટ શહેરમાંથી રૈયા રોડ પરથી રીંગરોડ-૨ સુધી પહોંચવા માટેનો રોડ તૈયાર કરવામાં આવી રહ્યો છે. જેમાં વચ્ચે બ્રીજની જરૂરિયાત ઉભી થતાં મહાનગરપાલિકાએ અટલ સરોવર અને રીંગરોડ-૨ને કનેક્ટ થઈ શકે તે પ્રકારના હાઈલેવલ ઓવરબ્રીજ માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી છે. રૂા. ૧૨.૬૫ કરોડના ખર્ચે રીંગરોડ-૨ને જોડતો નવો હાઈલેવેલ ઓવરબ્રીજ બનાવવામાં આવશે.


મહાનગરપાલિકા દ્વારા શહેરના અલગ અલગ વિસ્તારોમાં નાના-મોટા સહિતના ૯ ઓવરબ્રીજ બનાવવા માટેની અગાઉ જાહેરાત કરી હતી. અને આ તમામ બ્રીજ માટેની ટેન્ડર પ્રક્રિયા પણ શરૂ કરી દેવામાં અવી છે. જેમાં સૌથી અગત્યના સ્માર્ટસીટી પ્રોજેક્ટને પૂર્ણ કરવા માટે હાઈલેવલ ઓવરબ્રીજ બનાવવાની જરૂરિયાત ઉભી થતાં અને ગિફ્ટ સીટી સમાન રોબટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ કે જે ડિસેમ્બરમાં પૂર્ણ થવાનો છે. લગભગ રૂા. ૫૫૦ કરોડના ખર્ચે ૯૩૦ એકરમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સુવિધા ઉભી કરવામાં આવી છે. જેમાં ૧૧ કિ.મી.નો બીઆરટીએસ રૂટનો પણ સમાવેશ કરાયો છે.છતાં કટારિયા ચોકડી અને જામનગર રોડથી રીંગરોડ-૨ મારફતે સ્માર્ટસીટી વિસ્તારમાં સરળતાથી પ્રવેશ મળે તે માટે ફોરલેન રોડ મંજુર કરવામાં આવ્યો છે. પરંતુ શહેરીજનોને રૈયા રોડ પરથી સ્માર્ટસીટી તરફ જવા માટેના રોડ ઉપર વચ્ચે ઓવરબ્રીજની જરૂરિયાત ઉભી થતાં મહાનગરપાલિકાએ ૯ બ્રીજ પૈકી અટલ સરોવર અને રીંગરોડ-૨ને કનેક્ટ થતાં હાઈલેવલ ઓવરબ્રીજ માટે રૂા. ૧૨.૬૫ કરોડનું ટેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જેની મુદત પૂર્ણ થયે દરખાસ્ત રજૂ કરી તાત્કાલીક ધોરણે બ્રીજનું કામ શરૂ કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે. સ્માર્ટ સીટીનો દરજ્જો રાજકોટ મહાનગરપાલિકાને મળ્યા બાદ પેરામીટર મુજબ સ્માર્ટ સીટીમાં બીઆરટીએસનો રૂટ નિયત કરેલ કિલોમીટરનો હોવો જોઈએ જેના લીધે મનપા દ્વારા કટારિયા ચોકડીથી સ્માર્ટસીટી એટલે કે, અટલ સરોવર સુધીના બીઆરટીએસ રૂટની કામગીરી શરૂ કરી છે. જે અંતર્ગત અટલ સરવોર ખાતે સિમેન્ટના રોડ અને બીઆરટીએસ બસસ્ટોપ પણ તૈયાર કરવામાં આવ્યા છે. ત્યારે હાલના બીઆરટીએસ રૂટને કનેક્ટ થાય તે રીતે રૈયા રોડ ઉપર સ્માર્ટસીટીને જોડતા બીઆરટીએસનું આયોજન કરવામાં આવી રહ્યું હોવાનું જાણવા મળેલ છે.

# પોલીસ ડ્રગ્સના રવાડે ચડેલા યુવાઓને નશાની લત છોડાવવા મદદ કરશે’: હર્ષ સંઘવી

સુરત શહેરની ક્રાઈમ પેટર્ન જોઈએ તો ઉધના, પાંડેસરા, લીંબાયત અને સચિન પોલીસ સ્ટેશનમાં સુરત શહેરના ૪૦ ટકાથી વધારે ક્રાઈમો અહી બનતા હોય છે.

સુરત શહેરમાં આજે એન્ટી નાર્કોટિક્સ યુનિટ-૧ અને ક્રાઈમ બ્રાંચ પાંડેસરા યુનિટ અને કતારગામમમાં મહિલા પોલીસ સ્ટેશનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગૃહરાજયમંત્રી હર્ષ સંઘવી, સુરતના મેયર, સુરત પોલીસ કમિશ્નર તેમજ પોલીસના ઉચ્ચ અધિકારીઓ ધારાસભ્ય સહીત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતમાં સૌ પ્રથમવાર સુરતમાં એન્ટી નાર્કોટિક્સ યુનિટની શરૂઆત કરવામાં આવી છે. ગૃહરાજયમંત્રી હર્ષ સંઘવીના હસ્તે આ એન્ટી નાર્કોટિક્સ યુનિટનું લોકાપર્ણ કરવામાં આવ્યું હતું. અત્યાર સુધી પોલીસ નશાનો કારોબાર રોકવાનો પ્રયત્ન કરતી હતી,પરંતુ હવે પોલીસ ડ્રગ્સના રવાડે ચડેલા યુવાઓને નશાની લત છોડાવવા માટે પણ મદદ કરશે. આ સેન્ટરમાં સારવાર માટે આવનાર સામે કોઈ પણ કેસ નહી કરવામાં આવે તેમજ તેઓની ઓળખ પણ સંપૂર્ણ રીતે ગુપ્ત રાખવામાં આવશે.



બીજી તરફ આજે સુરત શહેરમાં પાંડેસરા વિસ્તારમાં ક્રાઈમ બ્રાંચની પાંડેસરા યુનિટનું પણ લોકાપર્ણ કરવામાં આવ્યું હતું. ક્રાઈમ બ્રાંચની ઓફીસ સુરતના ચોકબજાર ખાતે છે અને આ વિસ્તારમાં ગુનાઓ બને ત્યાં પહોચવામાં પોલીસને સમય લાગતો હતો ત્યારે પાંડેસરા વિસ્તારમાં યુનિટનું લોકાર્પણ થતા ક્રાઈમ બ્રાંચની ટીમ ગણતરીની મિનિટોમાં આ વિસ્તારમાં પહોંચી શકશે. આ ઉપરાંત સુરતના કતારગામ પોલીસ સ્ટેશન ખાતે મહિલા પોલીસ સ્ટેશન સેક્ટર-૧નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું

ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, સુરતનું ઈચ્છાપોર પોલીસ મથક દેશમાં પ્રથમ સ્થાન હાંસિલ કરવા બદલ ખુબ ખુબ શુભકામનાઓ, સુરત શહેર પોલીસ દ્વારા આજે સુરત શહેરમાં નાગરિકોની શાંતિ અને સલામતી માટે અનેક નવા પ્રકલ્પોનું લોકાર્પણ કરવમાં આવ્યું છે.

ખાસ કરીને સુરત શહેર પોલીસ કમિશ્નર અને એમની આખી ટીમને અભિનંદન આપું છું કે,કોઈ સામાજિક કે રાજકીય ભલામણથી પોલીસ મથક ખોલવાના બદલે ક્રાઈમ પેટનનો અભ્યાસ કરીને વધુમાં વધુ ઝડપથી ક્રાઈમ બનેલ જગ્યા પર એક્શન લઈ શકાય તે માટે ક્રાઈમ બ્રાંચનું એક બીજું એક યુનિટ પાંડેસરા ખાતે શરૂ કરવામાં આવ્યું છે.

સુરત શહેરની ક્રાઈમ પેટર્ન જોઈએ તો ઉધના, પાંડેસરા, લીંબાયત અને સચિન પોલીસ સ્ટેશનમાં સુરત શહેરના ૪૦ ટકાથી વધારે ક્રાઈમો અહી બનતા હોય છે. આ વિસ્તારમાં ક્રાઈમ બ્રાંચનું એક યુનિટ શરૂ કરવાના કારણે ક્રાઈમ બ્રાંચને અહી સુધી પહોચવામાં જે ૩૦ મિનિટથી વધારે સમય લાગતો હતો, તે સમય હવે ઘટીને ૫ થી ૧૦ મિનિટમાં ક્રાઈમ બ્રાંચની ટીમ સીધી આ વિસ્તારોમાં પહોંચી શકશે. આ પ્રયાસ થકી મને વિશ્વાસ છે કે આવનારા દિવસોમાં અહી બનતા ક્રાઈમ પર કંટ્રોલ કરવામાં સુરત પોલીસને જરૂરથી સફળતા પ્રાપ્ત થશે.


વધુમાં જણાવ્યું હતું કે, આજે ગુજરાતનું એક એવું પોલીસ સ્ટેશન કે જયાં યુવાનોને મારા રાજયના દીકરા/દીકરી જો ડ્રગ્સના રવાડે ચડ્યા હોય તો તેના માતા પિતા કે દીકરા દીકરી પોતે આ પોલીસ સ્ટેશનમાં પોલીસના સ્ટાફને મળીને સરકાર માન્ય જે અલગ અલગ સંસ્થાઓ છે અને અલગ અલગ ડોકટરો છે તેના થકી આ યુવાનોને આ નશાના રવાડામાંથી બહાર નીકળવાની વ્યવસ્થા સુરત શહેર પોલીસ દ્વારા શરૂ કરવામાં આવી છે.

અહી અલગ અલગ સ્ટાફોની નિમણૂંક કરવામાં આવી છે. આ સ્ટાફ દ્વારા આ યુવાનોને મદદ કરવામાં આવશે અને સાથે સાથે આ પરિવારજનોએ જરાય ચિંતા કરવાની જરૂર નથી કારણ કે કોઈ પણ પ્રકારના કેસ એમના દીકરા-દીકરી પર કરવામાં આવશે નહિ અને તેમની ઓળખ પણ કોઈ પણ પ્રકારે જાહેર કરવામાં નહી આવે તે પ્રકારની વ્યવસ્થા સુરત શહેર પોલીસ દ્વારા કરવામાં આવી છે.

**ગુજરાતમાં સૌ પ્રથમવાર સુરતમાં એન્ટી નાર્કોટિક્સ યુનિટની શરૂઆત : સેન્ટરમાં સારવાર માટે આવનાર સામે કોઈ પણ કેસ નહી કરવામાં આવે તેમજ તેઓની ઓળખ પણ સંપૂર્ણ રીતે ગુપ્ત રાખવામાં આવશે**

# અમરેલીની ચાર ગ્રામ પંચાયત ભેગી કરીને ધારી પાલિકા રચાશે, ઈડર પાલિકાની હદ વધારાશે

અમરેલી જિલ્લાની ધારી ગ્રામ પંચાયતને નગર પાલિકાનો દરજ્જો આપવાના નિર્ણયને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મંજૂરી આપી દીધી છે. જેમાં ધારી ગ્રામ પંચાયતમાં ધારીની આસપાસના પ્રેમપરા, હરિપરા, વેકરીયાપરા, નવાપરા-લાઈનપરા જૂથ ગ્રામ પંચાયત ભેળવીને ધારી નગર પાલિકાની રચના કરવામાં આવશે. આમ ધારી નગર પાલિકા રાજ્યની ૧૬૦મી નગર પાલિકા બનશે. આ સાથે સાબરકાંઠાની ઈડર નગર પાલિકામાં જવાનપુરા-સદાતપુરા ગામ અને સોસાયટી વિસ્તારનો પણ સમાવેશ કરવાની દરખાસ્તને મંજૂરી આપવામાં આવી છે.



અમરેલી જિલ્લાનું ધારી આંબરડી સફારી પાર્ક તથા પ્રાચીન ગળધરા ખોડિયાર માતા મંદિરથી ૬ કિલોમીટરના અંતરે વસેલું છે. એટલું જ નહીં, ધારીમાં ગીર પૂર્વ અભયારણ્ય અને જંગલ વિસ્તાર હોવાથી દર વર્ષે મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવતા હોય છે.


આંબરડી સફારી પાર્ક અને ગીર પૂર્વ અભયારણ્ય વિસ્તારમાં આવનારા પ્રવાસીઓને વધુ સુવિધાઓ મળી રહે તેમજ સ્થાનિક રોજગારીની સાથે આર્થિક-સામાજિક જીવનમાં પણ ઉન્નતિ થાય તેવા પ્રવાસન વિકાસના ધ્યેય સાથે ધારીને નગર પાલિકાનો દરજ્જો આપવાનો મુખ્યમંત્રીએ નિર્ણય કર્યો છે. આ ઉપરાંત, ધારી તાલુકાના ૨૫ જેટલાં ગામો જંગલ વિસ્તારના હોવાથી ક્યારેક જંગલની આગના બનાવો બને તેવા સમયે જલ્દીથી ફાયર ફાઈટર અને અગ્નિશમન સેવાઓ સરળતાથી અને સમયસર મળી રહે તે માટે નગર પાલિકાની રચના કરવાનો હેતુ છે.

ધારીને નગર પાલિકાનો દરજ્જો મળતા આ વિસ્તારનો સર્વગ્રાહી વિકાસ થશે અને પ્રવાસનને વેગ મળશે. આ સાથે નગર પાલિકાની નાગરિકલક્ષી સુવિધા મળવાથી લોકોના ઈઝ ઓફ લિવિંગમાં પણ વૃદ્ધિ થશે.

ગુજરાતમાં અત્યારે 'અ' વર્ગની ૨૨, 'બ' વર્ગની ૩૦, 'ક' વર્ગની ૬૦ અને 'ડ' વર્ગની ૪૨ મળી કુલ ૧૫૯ નગર પાલિકાઓ કાર્યરત છે. હવે તેમાં આ નવી 'ડ' વર્ગની નગર પાલિકા ધારી નગર પાલિકાનો ઉમેરો થશે. જ્યારે મુખ્યમંત્રીએ આ ઉપરાંત અન્ય એક નિર્ણય લઈને સાબરકાંઠાની ઈડર નગર પાલિકામાં જવાનપુરા-સદાતપુરા ગામ અને સોસાયટી વિસ્તારનો પણ સમાવેશ કરવાની દરખાસ્તને મંજૂરી આપી છે. જેમાં ઘણા સમયથી ઈડરના લોકોની માંગણીને લઈને મુખ્યમંત્રીએ સકારાત્મક પ્રતિસાદ આપ્યો છે, આ બે ગ્રામ પંચાયતોનો ઈડર નગર પાલિકામાં મર્જ કરવા નિર્ણય કર્યો છે. ઈડર શહેરનો વિસ્તાર વ્યાપ હવે વધવાથી ટી.પી. સ્કીમ કે ડેવલપમેન્ટ સરળતાથી થઈ શકશે.

## ખોડલધામ V/S સરદારધામના વિવાદ વચ્ચે જયેશ રાદડિયાની ચીમકી, કહ્યું- 'મારે મેદાનમાં ના ઉતરવું પડે તેનું ધ્યાન રાખજો'

ખોડલધામના સમર્થક PI પાદરીયા દ્વારા સરદારધામના ઉપપ્રમુખ જયંતિ સરધારા પર હુમલો કરવામાં આવ્યા બાદ પાટીદાર સમાજની બે સંસ્થાઓ ખોડલધામ અને સરદારધામ વચ્ચે વિવાદ વકરી રહ્યો છે. આ મામલે દરરોજ કઈને કઈ નવા ખુલાસા થઈ રહ્યા છે. અગાઉ ખોડલધામના ટ્રસ્ટી દિનેશ બાંભણીયાએ પાટીદાર સમાજને બદનામ કરવા માટે જયંતિ સરધારાને સોપારી આપવામાં આવી હોવાનો આક્ષેપ કરીને સનસનાટી મચાવી દીધી હતી. હવે ભાજપના ધારાસભ્ય અને પાટીદાર અગ્રણી જયેશ રાદડીયાએ ચીમકી ઉચ્ચારી છે.



હકીકતમાં જેતપુર તાલુકાના થાણાગાલોળ ગામે વિઠ્ઠલ રાદડિયાની પ્રતિમાનું અનાવરણ તેમજ લેઉઆ પટેલ સમાજના ભાવનું ખાતમુહર્ત તેમજ નવનિર્મિત આંગણવાડીના લોકાર્પણનો પ્રસંગ યોજાયો હતો. જેમાં જયેશ રાદડિયાએ પોતાના વિરોધીઓને જડબાતોડ જવાબ આપ્યો હતો.

હાલ સરદાર ધામ અને ખોડલધામ વચ્ચે ચાલી રહેલા વિવાદને લઈને જયેશ રાદડિયાએ જણાવ્યું કે, અમુક લોકો સેવાના કામ કરે છે, તેમને કરવા નથી દેવામાં આવતા. જે કામ કરતાં હોય તેમની ભૂલ સમાજે સ્વીકારી લેવી જોઈએ. બેઠા-બેઠા વોટ્સએપમાં મેસેજ પોસ્ટ કરવાથી કઈ નહીં થાય. આવા લોકો સમાજમાં ખોટી નડતરરૂપ મુશ્કેલીઓ ઉભી કરે છે. જો તેઓ કઈ સારુ ના કરી શકે, તો કઈ નહીં પરંતુ લોકોને નડવાનું બંધ કરી દે. વધુમાં તેમણે ચીમકીના સ્વરમાં જણાવ્યું કે, સારા કામ કરવાના પ્રયત્નોમાં અવરોધના હાડકાં નાંખવાનું બંધ કરી દેજો. મારે હીસાબ કરવા માટે મેદાનમાં ના ઉતરવું પડે તેનું ધ્યાન રાખજો. જો મને હેરાન કરવાનું નક્કી કરી લીધુ છે, તો હું પણ રાજકીય માણસ છું, સામે વાર કરતા મને પણ આવડે જ છે.

## દીપડા દેખાવાના બનાવ વધ્યાં

### શેરડીની કાપણી સમયે પૂર્વ પટ્ટીના ગ્રામ્ય વિસ્તારોમાં થરથર કાપતાં ખેડૂતો, એકલા ખેતરમાં પગ પણ નથી મૂકી શકતા

નવસારીઃ હાલમાં શિયાળાની ઋતુ શરૂ થઈ છે, સાથે જ ગ્રામ્ય વિસ્તારમાં શેરડી કાપણીની પણ શરૂઆત થઈ છે, પરંતુ આ કામગીરી કરતા ખેડૂતોને દીપડો દેખાવાના બનાવો વધ્યા છે, જેને કારણે ગ્રામ્ય વિસ્તારમાં રહેતા લોકો ભયના ઓથા હેઠળ જીવી રહ્યા છે, છેલ્લા કેટલાય વર્ષોથી ખેડૂતોને દીપડાઓ સામસામે આવી જાય છે. મોટાભાગના કિસ્સાઓમાં દીપડા ખેડૂતો પર હુમલા પણ કરે છે, પરંતુ આવા કિસ્સામાં ગ્રામજનોની જાગૃતિ મહત્વની છે.



દીપડા માટે શેરડી આદર્શ કેમશેરડીના ખેતરો દીપડાના રહેઠાણ માટે ઉત્તમ માનવામાં આવે છે, કારણ કે તે પોતાના પરિવારને શેરડીના ખેતરમાં હૂંફ આપી શકે છે અને પ્રજનન કાર્ય પણ આ શેરડીના ખેતરોમાં થાય છે. જેને લઈને તે શેરડીના ખેતરોમાં રહેઠાણને ઉત્તમ વસવાટ તરીકે લાંબા સમયથી ઉપયોગ કરી રહ્યો છે. નવસારી જિલ્લામાં નદીઓ આવેલી છે, એટલે કૂતરા અને શેરડીના ખેતરોમાં રહેઠાણની દીપડાને ફાવટ આવી ગઈ છે.

દીપડાનો શિકાર કોણ-કોણસામાન્ય રીતે ખેડૂતો નીચે વળીને કાપણી કરતા હોય છે, જેથી દીપડો નીચે વળીને કામ કરતા ખેડૂતોને પોતાનો શિકાર સમજી બેસે છે. પોતાની આઈ સાઈટ સામે આવતાં જે કોઈ પણ શિકાર હોય. જેમ કે, નાનું બાળક, કૂતરા, ભૂંડ, મરઘા કે ખેતીમાં વળીને કામ કરતા ખેતરો આ તમામ દીપડાને પોતાનો શિકાર લાગે છે. જેથી તે આવા સરળ લાગતા શિકાર ઉપર હુમલો કરે છે. એટલે ખેડૂતોએ સમયાંતરે ઉભા થઈને કામ કરવું જોઈએ એવી સલાહ વન વિભાગ એ આપી છે.

ગ્રામ્ય વિસ્તારમાં આવી જાગૃતિસતત રહેણાંક વિસ્તારમાં દીપડો દેખાતા ગ્રામ્ય વિસ્તારના લોકોએ હવે પોતાના ઘર પાસે સીસીટીવી કેમેરા લગાવવાની શરૂઆત કરી છે. જેના કારણે સહેલાઈથી દીપડાની હાજરી કેમેરામાં કેદ થાય છે, જેથી તેઓ વન વિભાગ ને જાણ કરીને પાંજરા મૂકવાની વાત કરે છે. આવેલી જાગૃતિના કારણે દીપડા પકડાવવામાં વન વિભાગને સહેલાઈ થાય છે.

નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Dt.02/12/2024 MONDAY


# સરધારાને ઝટકોઃ PI પાદરીયા સામે નોંધેલ હત્યા પ્રયાસની કલમ દૂર કરવા પોલીસની કોર્ટમાં અરજી

## કોઈ હથિયાર નહોતું, તબીબી રિપોર્ટ મુજબ સામાન્ય ઈજા, સીસીટીવીમાં કોઈ ગંભીર હુમલાના દ્રશ્યો નથીઃ પોલીસનો અભિપ્રાય



રાજકોટ, તા.૧

રાજકોટના પાટીદાર અગ્રણી સરદારધામના સૌરાષ્ટ્ર ઝોન ઉપપ્રમુખ જયંતિભાઈ સરધારા પર ખોડલધામમાં સક્રિય ગણાતા પીઆઈ સંજય પાદરીયાએ જીવલેણ હુમલો કર્યો હોવાના આરોપ બાદ ગુજરાતની બે મોટી પાડીદાર સંસ્થાઓ વચ્ચે વિવાદ ચાલતો હોવાની ચર્ચાઓ થવા લાગી હતી પણ હાલ એવું દ્રશ્ય ઓસરી ગયું છે.

એવો સવાલ ઉઠી રહ્યો છે કે, શું નાના બનાવને મોટો કરવામાં આવ્યો? શું સરધારાએ રાયનો પહાડ કર્યો? બનાવની બીજી બાજુ સામે આવતા હવે સરધારાને પોલીસ વિભાગ તરફથી મોટો ઝટકો મળ્યો છે. પીઆઇ પાદરીયા સામે નોંધેલ ગુનામાં હત્યા પ્રયાસની કલમ દૂર કરવા પોલીસે કોર્ટમાં અરજી કરી છે.

સમગ્ર વિગત મુજબ, નવનીત હોલ સામે શ્રી રામ પાર્ક-૧ માં રહેતાં જયંતીભાઈ કરસનભાઈ સરધારા (ઉ.વ.૫૮) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે પોલીસ ઈન્સ્પેક્ટર સંજય પાદરિયાનું નામ આપતાં તાલુકા પોલીસે હત્યાના પ્રયાસ સહિતની કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો.

તપાસમાં સીસીટીવી સામે આવેલા. જેમાં પ્રથમ જયંતિભાઈએ પાદરીયાનો કાઠલો પકડી લાત મારી હોવાનું જોવા મળ્યું હતું. ઉપરાંત બંદૂક જેવું હથિયાર માથામાં માર્યું હોવાનો આરોપી લાગેલો હતો પણ સીસીટીવી જોતા કોઈ હથિયાર જોવા મળેલ નહીં. પોલીસે સીસીટીવી ફોરેન્સિકમાં મોકલી અભિપ્રાય લીધો હતો. આજે ડીસીપી ઝોન ૨ જગદીશ બાંગરવાએ પત્રકારોને જણાવ્યું હતું કે, જયંતીભાઈ સરધારાએ નોંધાવેલ ફરિયાદમાં પીઆઇ પાદરીયા સામે જે હત્યા પ્રયાસની કલમ લેવાઈ હતી. તે દૂર કરવા આ કેસના તપાસ અધિકારી એસીપીએ કોર્ટમાં રિપોર્ટ કર્યો છે. પોલીસે હત્યા પ્રયાસની કલમ બી. એન. એસ. ૧૦૯ દૂર કરી મહાવ્યથાની કલમ ૧૧૭(૨) ઉમેરવા કોર્ટને વિનંતી કરી છે. ડીસીપીએ જણાવ્યું કે, કોઈ હથિયાર નહોતું, તબીબી રિપોર્ટ મુજબ, સામાન્ય ઈજા થઈ છે. જે નાકમાં મુક્કો મારવાથી નાકના હાડકામાં ફ્રેક્ચર થયેલ છે., સીસીટીવીમાં કોઈ ગંભીર હુમલાના દ્રશ્યો નથી. તા. ૨૬ નવેમ્બરની રાત્રે સરધારા પર હુમલાનો બનાવ સામે આવ્યો હતો. જે પછી પાટીદાર અગ્રણીઓ હોસ્પિટલે દોડી ગયા હતા. એસીપી સહિતના અધિકારીઓ પણ દોડી ગયા હતા. રાજકોટ તાલુકા પોલીસ મથકે તત્કાલ હત્યા પ્રયાસની કલમો હેઠળ ગુનો નોંધાયો હતો.

જેમાં આરોપી તરીકે પીઆઇ સંજય પાદરીયાનું નામ અપાયું હતું. બનાવની રાત્રીથી જ આરોપી પીઆઇને પકડવા મથી રહી હોવાનો દાવો પોલીસ અધિકારીઓ કરી રહ્યા છે પણ બનાવને પાંચ દિવસ પસાર થઈ ગયા છતાં હજુ પોલીસ પીઆઇ પાદરીયા સુધી પહોંચી શકી નથી વાતચીતમાં સરદારધામના ઉપપ્રમુખ જયંતિભાઈ સરધારાએ જણાવ્યું કે, પોલીસ એમ કઈ રીતે કલમ હટાવી શકે? અમે અમારા વકીલ મારફતે હત્યા પ્રયાસ કલમ દૂર કરવા સામે હું વાંધો લેશું. હત્યા પ્રયાસની કલમ ફરિયાદમાં યથાવત રહેવી જોઈએ.

# શહેરમાં ઠંડીના પારાનો હાઈજમ્પ, ૨૪ કલાકમાં તાપમાન ૨.૮ ડિગ્રી ઉંચકાયું

### દિવસ દરમિયાન ૧૪ કિ.મી.ની ઝડપે ઠંડો પવન ફૂંકાયો, તાપમાન ૨.૨ ડિગ્રી ઘટ્યું



ભાવનગર : શહેરમાં ઠંડીની વધ-ઘટનો દોર જારી રહ્યો છે. ઘણાં સમય બાદ રાત્રિના સમયે ઠંડીનું જોર નહિવત પ્રમાણમાં રહેતા ઠંડીના પારાએ પોણા ત્રણ ડિગ્રીનો હાઈજંપ લગાવ્યો હતો. જ્યારે બીજી તરફ દિવસ દરમિયાન ૧૪ કિ.મી.ની ઝડપે ફૂંકાયેલા પવનના કારણે શહેરીજનોએ ગુલાબી ઠંડીનો અહેસાસ કર્યો હતો. વાતાવરણ ટાઢું રહેતા તાપમાનમાં પણ નોંધપાત્ર ૨.૨ ડિગ્રીનો ઘટાડો જોવા મળ્યો હતો.

નવેમ્બર માસનું અંતિમ સપ્તાહ ઠંડીમાં નાટકીય રીતે પરિવર્તન લાવી રહ્યું છે. થોડા દિવસ રાત્રિના સમયે ઠંડીનું જોર વધતું જોવા મળ્યું હતું. જ્યારે દિવસે ઠંડીની કોઈ અસર ન વર્તાતી હોવાથી તાપમાનમાં સતત ઉછાળો જોવા મળી રહ્યો હતો. પરંતુ છેલ્લા ૨૪ કલાકમાં સ્થિતિ બદલાઈ છે. નાટકીય રીતે રાત્રિના સમયે ઠંડીનું જોર એકદમ જ ઘટી ગયું હતું. જેના કારણે શહેરનું લઘુતમ તાપમાન પાછલા ૨૪ કલાકમાં સડસડાટ ૨.૮ ડિગ્રી ઉંચકાઈને ૧૯.૨ ડિગ્રીને આંબી ગયું હતું. છેલ્લે ૨૦મી નવેમ્બરે લઘુતમ તાપમાન ૧૯.૨ ડિગ્રી રહ્યા બાદ પ્રથમ વખત ઠંડીનો પારો ૧૯ ડિગ્રીની ઉપર પહોંચ્યો છે. રાત્રે ઠંડી નહિવત રહ્યા બાદ આજે સવારે દી' ઉગતાની સાથે જ ઠંડા વાયરા ફૂંકાતા રહેતા સવારથી સાંજ સુધી વાતાવરણમાં ઠંડક રહી હતી. સવારે ૧૨ કિ.મી. બાદ બપોરે પવનની ઝડપ ૧૪ કિ.મી. પ્રતિકલાકે પહોંચી જતાં ભાવેણાંવાસીઓએ ગુલાબી ઠંડીનો અહેસાસ કર્યો હતો. ઠંડીના પગલે મહત્તમ તાપમાન પણ ગઈકાલની તુલનામાં ૨.૨ ડિગ્રી ઘટીને ૨૯.૪ ડિગ્રીએ પહોંચી ગયું હતું. ચાલુ સપ્તાહમાં પ્રથમ વખત દિવસે ઠંડીનું પ્રમાણ અનુભવાતા તાપમાનમાં ઘટાડો નોંધાયો હતો.

# ખ્યાતી હોસ્પિટલનો માલિક દુબઈમાં છુપાયોઃ પોલીસ

### ક્રાઈમ બ્રાન્ચે જણાવ્યું કે કાર્તિક પટેલ ૩ નવેમ્બરે ઓસ્ટ્રેલિયા ગયો અને ત્યાંથી દુબઈ ભાગી ગયો




અમદાવાદઃ ખ્યાતિ હોસ્પિટલનો માલિક અને એન્જીયોપ્લાસ્ટીના મૃત્યુ કેસનો એક આરોપી કાર્તિક પટેલ દુબઈમાં છુપાયેલો હોવાનું વરિષ્ઠ પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું. ક્રાઈમ બ્રાન્ચનાં એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, કાર્તિક પટેલ ૩ નવેમ્બરે ઓસ્ટ્રેલિયા ગયો હતો જ્યાંથી તે દુબઈ ભાગી ગયો હતો.તપાસ અંગે, તેમણે કહ્યું કે તેઓ હોસ્પિટલનાં હિસાબોનું વિશ્લેષણ કરવા માટે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની મદદ લેશે, હોસ્પિટલે એન્જિયોપ્લાસ્ટી કરીને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનામાંથી ઓછામાં ઓછા ૨૨ કરોડ રૂપિયાની કમાણી કરી છે. મહેસાણાના બોરીસણા ગામનાં બે દર્દીઓ મહેશ બારોટ અને નાગર સેનમાના ૧૧ નવેમ્બરના એન્જીયોપ્લાસ્ટીના મૃત્યુની તપાસ કરતાં પોલીસને છેલ્લાં ૧૮ મહિનામાં હોસ્પિટલમાં વધુ ત્રણ મૃત્યુ તરફ દોરી ગઈ હતી.

ત્રણેય મૃતક દર્દીઓ કડીના હતાં અને તેમનાં ગામોમાં આયોજિત આરોગ્ય શિબિરમાં તેમને ધમનીઓમાં બ્લોકેજ વિશે જાણ કરવામાં આવી અને પછી તેમને હોસ્પિટલ મોકલવામાં આવ્યાં હતાં.૨૫ નવેમ્બરના રોજ, ક્રાઈમ બ્રાન્ચે ખેડા જિલ્લાનાં કપડવંજ નજીકનાં એક ફાર્મમાંથી ચાર આરોપીઓ ચિરાગ રાજપૂત, હોસ્પિટલનાં ડિરેક્ટર, અને તેનાં સાથીદારો, હોસ્પિટલનાં સીઈઓ રાહુલ જૈન અને સહયોગી મિલિંદ પટેલ, પંકિલ પટેલ અને પ્રતિક ભટ્ટની ધરપકડ કરી હતી

મિલિન્દ પટેલ અમદાવાદ અને આસપાસનાં જિલ્લાઓમાંથી દર્દીઓને ખ્યાતિ હોસ્પિટલમાં રીફર કરવા માટે કેમ્પ ગોઠવવા અને જનરલ ફિઝિશિયનો સાથે સંપર્ક કરવા માટે જવાબદાર હતો, અને પંકિલ પટેલ અને પ્રતિક ભટ્ટ, જેમણે કેમ્પ યોજ્યા હતાં અને લોકોને તબીબી પ્રક્રિયાઓ કરાવવા માટે કહ્યું હતું.



# ગુજરાતમાં ૧.૨૦ લાખથી વધુને એઈડ્સ, દર ૧ લાખ વ્યક્તિએ ૪ને સંક્રમણ, વર્ષમાં ૮૦૦નાં મોત

ગુજરાતમાં હ્યુમન ઈમ્યુનોડેફિસિએન્સી વાયરસ (એચઆઈવી) વાયરસથી સંક્રમિત એક્વાયર્ડ ઈમ્યુનોડેફિસિએન્સી સિન્ડ્રોમ (એઇડ્સ)ના ૧.૨૦ લાખથી વધુ દર્દીઓ છે. આમ, રાજ્યમાં હાલ પ્રતિ ૧ લાખની વસતીએ સરેરાશ ચાર વ્યક્તિ એચઆઇવી સંક્રમણ ધરાવે છે. આ ઉપરાંત એક વર્ષમાં ૮૦૦ વ્યક્તિએ એઇડ્સ સામે જીવ ગુમાવ્યો છે. ૧૫થી ૪૯ના વયજૂથમાં ગુજરાતમાં એચઆઈવી પ્રિવેલન્સ રેટ ૦.૧૯ ટકા છે.

વિશ્વના તમામ લોકોમાં એચઆઈવી-એઇડ્સ વિશે જાગૃતિ આવે તે હેતુસર ‘વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન’ દ્વારા દર વર્ષે ૧ ડિસેમ્બરની ઉજવણી ‘વિશ્વ એઇડ્સ દિવસ’ તરીકે કરવામાં આવે છે.આજના આધુનિક યુગમાં એચઆઈવી ક્રોનિક મેનેજેબલ ડિસિઝ એટલે કે નિયમિત દવા લેવાથી નિયંત્રણમાં રાખી શકાય તેવો રોગ છે. દરેક એચઆઈવી પોઝિટિવ વ્યક્તિ નિયમિત દવા લઈને આરોગ્યપ્રદ જીવનશૈલી અપનાવીને કુદરતી આયુષ્ય મુજબ જીવન જીવી શકે છે.

તાજેતરમાં લોકસભામાં રજૂ કરવામાં આવેલા અહેવાલ અનુસાર નેશનલ એઇડ્સ-એસટીડી કન્ટ્રોલ પ્રોગ્રામ હેઠળ નોંધાયેલા કુલ ૮૪૫૩૭ દર્દીઓ છે. ૨૦૧૯-૨૦માં આ દર્દીઓની સંખ્યા ૭૧૪૯૯ હતી. આમ, પાંચ વર્ષમાં દર્દીઓની સંખ્યામાં ૧૨ ટકાથી વધુનો વધારો થયો છે. બીજી તરફ ગુજરાત સરકારના દાવા અનુસાર ગુજરાતમાં અનુમાનિત વયસ્ક એચઆઈવી પ્રસાર વર્ષ ૨૦૧૯માં ૦.૨૦%થી ઘટીને ૨૦૨૩માં ૦.૧૯% થઇ ગયો છે. તેવી જ રીતે, ૨૦૧૯માંએચઆઈવી સંક્રમણ દર પ્રત્યેક ૧,૦૦,૦૦૦ અસંક્રમિત લોકોમાં ૬ વ્યક્તિથી ઘટીને વર્ષ ૨૦૨૩માં ૪ વ્યક્તિ થઇ ગયો છે. સરકારના દાવા અનુસાર આ રોગને નિયંત્રણમાં લેવા ગુજરાતમાં ૧૦૫ એન.જી.ઓ. અને ૨ ઓ.એસ.ટી. કેન્દ્રો-ઓપીયાડ સબસ્ટીટ્યુટ સેન્ટર દ્વારા એચઆઈવીની અટકાવવાની કામગીરી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત એચઆઈવીના સંક્રમણ લાગવાના હાઈ જોખમ ધરાવતા લોકો જેવા કે સમલૈંગિક, દેહ વિક્રય કરતી બહેનો, સ્થળાંતરીત મજૂરો, ટ્રક ડ્રાઈવરો તથા સોય-સીરીંજ દ્વારા ડ્રગ્સનું સેવન કરતા લોકોની જાગૃતિ, તપાસ અને સારવાર કરાવવામાં આવે છે.

સરકારી હોસ્પિટલો ખાતે ૨૬૧ આઇ.સી.ટી.સી. સેન્ટરો અને ૨૪૦૦ સ્ક્રિનીંગ સેન્ટરો તથા ૩ મોબાઈલ વાનમાં એચઆઈવી તપાસની મફત સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે.સરકારી હોસ્પિટલો ખાતે ૬૦ સેન્ટરોમાં જાતીય રોગની તપાસ અને સારવારની સુવિધાઓ ઉપલબ્ધ છે. રાજ્યની સરકારી હોસ્પિટલોમાં ૪૮ એ.આર.ટી. સેન્ટરો અને ૫૯ લીંક એ.આર.ટી. સેન્ટરો ખાતે એચઆઈવી પોઝિટિવ લોકોને મફત દવા આપવામાં આવે છે. આ કાર્યક્રમ હેઠળ વ્યક્તિની તપાસ અને સારવારની માહિતી જાહેર કરાતી નથી.

**એચઆઈવી સ્ક્રીનિંગ કરાવનારાની માહિતી જાહેર કરાતી નથી**

એક જ કાર્યસ્થળો પર સાથે કાર્ય કરવાથી, એક જ સ્વિમીંગ પુલનો ઉપયોગ કરવાથી, સાથે બેસીને ભોજન લેવાથી, એકબીજાના કપડા પહેરવાથી, મચ્છર કરડવાથી, એક જ ઘરમાં સાથે રહેવાથી, ભેટવાથી, હાથ મિલાવવાથી કે સ્પર્શ કરવાથી ફેલાતો નથી.

વિશ્વમાં એચઆઈવીનો પ્રથમ કેસ વર્ષ ૧૯૮૧માં અમેરિકાના કેલિફોર્નિયામાં દેખાયો હતો. ભારતમાં પ્રથમ કેસ વર્ષ ૧૯૮૬માં ચેન્નાઇ તેમજ ગુજરાતના સુરત ખાતે નોંધાયો હતો. વિશ્વમાં અંદાજિત ૩.૯૯ કરોડ, ભારતમાં અંદાજિત ૨૫.૪૪ લાખ લોકો એચઆઈવી સંક્રમણ સાથે જીવન જીવી રહ્યા છે.

# જંત્રી દરોમાં સૂચિત વધારાથી રિયલ એસ્ટેટ ક્ષેત્ર ભાંગી પડશે

રાજકોટ રિયલ એજન્ટ એસો.ની એક યાદી જણાવે છે કે, રાજય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ સુચિત નવા જંત્રી દરમાં રાજકોટ સહિતના શહેરોમાં ૧૦ થી ૨૦ ગણો વધારો કરવામાં આવતા જમીન-મકાનના ધંધાર્થી, બોકરો, વકિલ, બિલ્ડરો સહિત જમીન-મકાન સાથે સંકળાયેલા તમામ ધંધાર્થીઓમાં કચવાટ સાથે વિરોધનો સુર ઉઠવા પામ્યો છે. સરકાર દ્વારા એક મહિનામાં વાંધા-સુચનની મુદ્દત આપી હોય ઢગલાબંધ નિર્દેશ મળી રહયા છે.શહેર આસપાસના વિસ્તારોમાં તોતીંગ વધારો કરવામાં આવ્યો છે. જયાં સામાન્ય ભાવ હતા ત્યા ૧૦થી ૨૦ ગણો વધારો થયો છે.



તેવા વિસ્તારોમાં વાજડી (વિરડા), હરીપર પાળ, રોણકી, મનહરપુર, મોટામવા, મુંજકા, છાપરા, દેવગામ, નાનામવા, કણકોટ, રૈયા, પરાપીપળીયા, ન્યારા, ઘંટેશ્વર, મવડી, માધાપર સહિતના વિસ્તારોમાં મોટા તફાવત જોવા મળ્યા છે.સરકારે એક જ ઝાટકે સુચિત જંત્રી દરમાં વધારો કરતા હવે જમીન-મકાનમાં રોકાણ નો કોઈ અવકાશ નહિ રહે તેવો સુર જમીન-મકાન ના ધંધાર્થી અને બિલ્ડરોમાંથી ઉઠી રહયો છે. તેના કારણે રીયલ એસ્ટેટમાં ધોર મંદી આવવાની શક્યતા છે.રિયલ એસ્ટેટના નિષ્ણાંતોએ એવો મત વ્યકત કર્યો છે કે અત્યાર સુધી ખુલ્લા પ્લોટ તેમજ ખેતીની જમીન માં ટ્રેડીંગનો વ્યવસાય થતો હતો.

જેમાં રોકાણકારો ખુબ જ ઉત્સાહ પુર્વક રોકાણ કરતા હતા. તે હવે સદંતર અટકી જશે. તેમજ જંત્રીના આવા વિસંગતતા ભર્યા તેમજ અવ્યવહારીક નવા જંત્રી દરના કારણે જમીન-મકાન ના વ્યવહારો અટકી પડશે તેમજ ખુબ જ મોંઘા થઈ જશે. એટલુ જ નહિ ૪૫ લાખ થી ઉપર કેપીટલ ગેઈન ટેક્સ લાગું પડતો હોવાથી ઈન્કમટેક્ષ માં પણ ખુબ જ મોટા પાયે પ્રશ્નો સર્જાશે તેમજ વર્તમાન સમયના જમીનના ચાલુ વ્યવહારમાં પણ જંત્રીના કારણે વિવાદો સર્જાશે. તેમજ લાંબી મુદતના સોદાઓમાં પણ મુસીબતો સર્જાશે.

આવા જંત્રી દર વધારાથી તમામ ધંધામાં મંદી નો માહોલ સર્જાય જશે. તેમજ જમીન-મકાનનું ટર્ન ઓવર ઘટશે. સરકારે વિચાર કર્યા વગર જ નવી જંત્રી દરની જાહેરાત કરતા તેના ઘેરા પડઘા પડી રહયા છે. વાંધા સુચનો પણ ઢગલા મોઢે થશે.સરકારે ઉતાવળે એક સાથે તોતીંગ જંત્રી દરની જાહેરાત કરતા રિયલ એસ્ટેટ સેકટર ભાંગી પડશે. તેમજ જંત્રી દરોમાં સમયાંતરે સ્ટેપ બાય સ્ટેપ વધારો કરવાની ૨૦૧૧ થી જ જરૂર હતી. ખરેખર જંત્રી દરોમાં વાર્ષિક ઈન્કલેશન રેટ એટલે કે ફુગાવાના દરો જે આશરે ૫ % થી ૭ % અનુસાર વાર્ષિક વધારો કરવો જોઈએ. જેથી કરી વાસ્તવીક પરિસ્થીતી એ રિયલ એસ્ટેટના ધંધા ને ખલેલ પહોચાડવાનું જે કૃત્ય થઈ રહયુ છે તેને અટકાવી શકાય. મુસદારૂપ જંત્રી ૨૦૨૪ અન્વયે વાંધા-સુચન ર્વિાંતઃ//લફદિશ.લીષર્ફાિ.ંલજ્ઞદ.શક્ષ વેબસાઈટ ના માધ્યમથી ઓનલાઈન તા. ૨૦/૧૨/૨૦૨૪ સુધિમાં વાંધા-સુચન રજુ કરવાના રહેશે.ઓનલાઈન વાંધા-સુચનો રજુ કરવાની પ્રક્રિયા ખુબજ આકરી છે.

## ધોરણ ૧૦-૧૨ બોર્ડ પરીક્ષાના વિદ્યાર્થીઓ માટે ગુડ ન્યૂઝ, લેટ ફી સાથે ફોર્મ સ્વીકારાશે

શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા માટે ફોર્મ ભરવાની મુદ્દત લંબાવવા સાથે ત્રણ તબક્કામાં લેટ ફી સાથે ફોર્મ સ્વીકારાશે. ધોરણ-૧૦ અને ૧૨ સાયન્સમાં શનિવારે ફોર્મ ભરવાનો છેલ્લો દિવસ હોવાથી ૬ ડિસેમ્બર સુધી મુદ્દત લંબાવી છે. જ્યારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ૯ ડિસેમ્બર સુધી મુદ્દત લંબાવવામાં આવી છે. રેગ્યુલર ફી સાથે ફોર્મ સ્વીકારવાની આ મુદ્દત પૂર્ણ થયા બાદ લેટ ફી સાથે ત્રણ તબક્કામાં ફોર્મ સ્વીકારવામાં આવશે.



ધોરણ ૧૨ સાયન્સમાં ૭થી ૨૨ ડિસેમ્બર દરમિયાન લેટ ફી સાથે ફોર્મ સ્વીકારવામાં આવશે. જેમાં પ્રથમ તબક્કામાં ૭થી ૧૦ ડિસેમ્બર દરમિયાન રૂ. ૨૫૦ લેટ ફી સાથે, ૧૧થી ૨૦ ડિસેમ્બર દરમિયાન રૂ. ૩૦૦ લેટ ફી સાથે અને ૨૧થી ૨૨ ડિસેમ્બર સુધી રૂ. ૩૫૦ લેટ ફી સાથે ફોર્મ સ્વીકારાશે. ૨૨ ડિસેમ્બર સુધીમાં કોઈપણ સમયે વિદ્યાર્થીની માહિતીમાં શાળા કક્ષાએથી જ સુધારા કરી શકાશે. વિદ્યાર્થીઓનું પ્રિન્સિપાલ એપ્રૂવલ બાકી હોય તો તે પણ ૨૨ ડિસેમ્બર સુધી કરી શકાશે.

ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ૧૦થી ૨૪ ડિસેમ્બર દરમિયાન લેટ ફી સાથે ફોર્મ સ્વીકારાશે. જેમાં પ્રથમ તબક્કામાં ૧૦થી ૧૨ ડિસેમ્બર દરમિયાન રૂ. ૨૫૦ લેટ ફી સાથે, ૧૩થી ૨૨ ડિસેમ્બર દરમિયાન રૂ. ૩૦૦ લેટ ફી સાથે અને ૨૩થી ૨૪ ડિસેમ્બર સુધી રૂ. ૩૫૦ લેટ ફી સાથે ફોર્મ સ્વીકારાશે. જ્યારે, ધોરણ-૧૦માં ૭થી ૨૨ ડિસેમ્બર દરમિયાન લેટ ફી સાથે ફોર્મ સ્વીકારાશે.

## રાજકોટ-અમદાવાદ હાઈવે પર નાના વાહનોની ટોલમુક્તિ યથાવત રાખો

રાજકોટ- અમદાવાદ સિકસલેન હાઇ-વે મંજુર થયો ત્યારથી અત્યાર સુધી માત્ર વિવાદમાં જ રહ્યો છે તેમાં વધુ એક વિવાદ સામે આવ્યો છે. રાજકોટ- અમદાવાદ હાઈવે પર નાના વાહનોને ટોલ મુક્તિ આપવામાં આવશે નહીં અને ચાર ટોલનાકા કાર્યરત કરવામાં આવશે તેનો વિરોધ સૌરાષ્ટ્રભરમાં થઈ રહ્યો છે.

આ બાબતે રાજકોટના સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મહામંડળે પણ ઝુંકાવ્યું છે અને મુખ્યમંત્રીને પત્ર લખ્યો છે. આ પત્રમાં મહામંડળના પ્રમુખ પરાગ તેજુરાએ જણાવ્યું છે કે રાજકોટ-અમદાવાદ સિકસલેન હાઈવે પર નાના વાહનો પાસેથી પણ ટોલ ઉઘરાવવામાં આવશે તે ગેરવ્યાજબી છે અને નાના વાહન ચાલકોને તેમાંથી મુક્તિ આપવી જોઈએ. હાલ જે રાહત છે તેને યથાવત રાખવાથી નાના વાહન ચાલકોને રાહત મળશે.




વધુમાં જણાવ્યું છે કે માલીયાસણ ખાતે રાજકોટ નજીક જે ટોલનાકાની પ્રસ્તાવના છે તે પણ ગેરવ્યાજબી અને ગેરબંધારણીય છે. ૬૦ કિલોમીટર અનતરનો સિધ્ધાંત જળવાતો નથી અને રાજકોટના ૧૫ કિલોમીટરના વિસ્તારમાં આવતા ઉદ્યોગોના માલ પરિવહનને આનાથી મોટો ખર્ચ ભોગવવો પડશે. રાજકોટ નજીક ભરૂડી ટોલનાકાથી માલીયાસણ અંતર ૩૫ કિલોમીટર થાય છે અને વાંકાનેર- બામણબોર હાઈવે ઉપર પણ ટોલનાકુ છે જેનું અંતર ૫૫ કિલોમીટર થાય છે. જેના કારણે નાના વાહન ચાલકોને વધારે માર પડશે ઉપરાંત બીજા ચાર ટોલનાકા બનાવવાની જે વાત છે તે પણ વાહન ચાલકોને ખંખેરવાનું કારસ્તાન છે.

વધુમાં પરાગ તેજુરાએ કહ્યું હતું કે ઔદ્યોગીક વિકાસ અને નિકાસ વેપાર વૃધ્ધિ માટે માલની પડતર કિંમત મહત્વનો ભાગ ભજવે છે. જેમાં ઉંચા ઇંધણના ભાવ અને ટોલના ખર્ચા ખુબ જ બાધારૂપ છે. જેથી નાના વાહન ચાલકોને રાહત આપવી જરૂરી છે અને ચાર ટોલનાકા બનાવવામાં આવી રહ્યા છે.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

# હરીયાણાથી વેરાવળના બુટલેગરને દારૂનો જથ્થો આપવા આવી રહેલ પોલીસકર્મી સહિત ત્રણ ઝડપાયા

- **ત્રણ આરોપીઓમાં એક પોલીસ ડ્રાઈવર અને એક હોમગાર્ડનો પુર્વ કર્મચારી, ૩.૯૭ લાખનો મુદામાલ જપ્ત**



અહેવાલ : રવિ ખખ્ખર, ગીર સોમનાથ

વેરાવળ, તા. ૧: પોલીસમાંથી પ્રાપ્ત વિગતો અનુસાર ગીર સોમનાથ એલસીબી ને ચોક્કસ બાતમી મળી હતી કે હરિયાણા થી વેરાવળ રેનોલ્ટ કારમાં વિદેશી દારૂની સપ્લાય કરવા ત્રણ ઇસમો આવી રહ્યા છે જે અંતર્ગત એલસીબી પીઆઇ એ.બી.જાડેજા, પીએસઆઇ એ.સી.સિંઘવ, એ.એસ.આઇ નરવણસિંહ ગોહિલ, ગોવિંદભાઈ વંશ, અજીતસિંહ પરમાર, નટુભા બસિયા, ગોવિંદસિંહ વાળા, નરેન્દ્ર પટાટ સહિતનો સ્ટાફ વેરાવળ જુનાગઢ રોડ પર આવેલ ડારી ટોલ બુથ ઉપર વોચમાં રહ્યા હતા.

દરમ્યાન વહેલી સવારે ૦૫:૧૫ વાગ્યા ના સુમારે બાતમી વાળી ત્રણેું ૦૧ છઈ ૯૨૬૯ નંબર ની રેનોલ્ટ કાર પસાર થતાં રોકાવી તલાસી લેતા કારમાં પાછળના ભાગે છુપાવેલ વિદેશી દારૂ મળી આવ્યો હતો. જ્યારે કારમાં પોલીસ વિભાગમાં જ ડ્રાઈવર તરીકે ફરજ બજાવતો પૂર્વેશ ઉર્ફે મહાજન રાઠોડ નામનો કર્મચારી જોવા મળતા પોલીસ પણ દંગ રહી ગઈ હતી. આ સાથે કોડીનાર ના મિત્યાજ ગામે રહેતા અને અગાઉ હોમગાર્ડમાં ફરજ બજાવી ચૂકેલ ધર્મેશ ધનજી કવા તેમજ તેનો પિતરાઈ ભાઈ સતીશ પ્રવીણ કવા પણ ઝડપાયા હતા.

પોલીસે GJ 01 RC 9269 નંબર ની રીનોલ્ટ કારમાંથી ૧૨૦ બોટલ મળી આવતા. ત્રણેયની આગવી ઢબે પૂછપરછ કરતાં ત્રણેય ઇસમોએ પોપટ બની ગયા હતા. આ દારૂનો જથ્થો હરિયાણાના ગુરુગ્રામમાંથી કુલવિંદર નામના વિદેશી દારૂ ના સપ્લાયર પાસેથી મેળવી વેરાવળના મોટા કોળીવાડામાં રહેતા બુટલેગર હિંમત રામજી ગાવડીયાને પહોંચાડવા માટે લાવ્યા હોવાની કબૂલાત આપતા પોલીસે ત્રણેય ઇસમો ઉપરાંત દારૂ મોકલનાર અને મંગાવનાર સહિત પાંચ ઇસમો વિરુદ્ધ પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. છેક હરિયાણાથી વેરાવળ વિદેશી દારૂની ખેપ મારતા વહેલી સવારે LCBના હાથે ઝડપાયેલો પોલીસ કર્મચારી વિભાગમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવે છે અને અગાઉ પણ આવી જ રીતે દારૂની ખેપ મારતા પોલીસના હાથે ઝડપાઇ ચુક્યો છે. આમ છતાં ફરી પોલીસ વિભાગમાં નોકરી પર આવી જતાં જૂની ટેવ મુજબ દારૂની ખેપ મારવાનું ચાલુ રાખ્યું હતું અને આજે LCBના હાથે રંગેહાથ ઝડપાઇ ચુક્યો છે. જો કે આધારભૂત સુત્રોમાં ચર્ચાતી વિગતો મુજબ ગીર સોમનાથ પોલીસ વિભાગ માં ફરજ બજાવતા અન્ય બીજા અનેક પોલીસ કર્મચારીઓ સંઘ પ્રદેશ દિવ માંથી ઉના, કોડીનાર, વેરાવળમાં વિદેશી દારૂ ની ખેપ મારી બુટલેગરો ને માલ વેચી રોકડી કરી રહ્યા છે. આ અંગે જિલ્લા પોલીસ વડા તટસ્થ તપાસ હાથ ધરે તો ઘણાં ચુનંદા સ્ટાફ પૈકીના કર્મચારીઓના કરતૂતો સામે આવી શકે છે. ત્યારે હાલ તો આ ઘટન ના પગલે પોલીસ બેડામાં પણ ચર્ચાનો વિષય બન્યો છે.

# મુંબઈના બે યુવક યુસુફ કાચવાલા અને મોઇઝ સૈફી ૩૫૦૦ કિ.મી.ની બાઈક યાત્રાએ



રાજકોટ, તા. ૧: મુંબઈના દાઉદી બોહરા સમાજના બે ઉત્સુક યુવક યુસુફભાઈ કાચવાલા, મોઇઝભાઈ સૈફી દ્વારા બાઇક રાઇડ કરી, બંને બાઇક રાઇડર્સ એ ૧૫ નવેમ્બર, શુક્રવાર ૨૦૨૪ના રોજ મુંબઈ (ભીંડી બજાર) થી રન ઓફ કચ્છ, જામનગર, પડધરી થઈને ૩૦ નવેમ્બર શનિવારે રાજકોટ ખાતે આગમન થયું, જેમાં રાજકોટમાં જોહર કાર્ડસ ખાતે યુસુફભાઈ, હસનેનભાઈ, મુસ્તફાભાઈ માકડા (એમ.એસ સ્કેપ), હુસૈનભાઈ (જોહર હાર્ડવેર), નઈમભાઈ માકડા, હુસૈનભાઈ કાથાવાળા (સ્કવોડ ટૂર્સ), તાહાભાઈ ફક્કડ અને રાજભાઈ (બીસ્ટ બ્રિગેડ રાઈડર્સ), હાતીમભાઈ ખોખર, હુસૈનભાઈ માકડા એ ઉષ્માભર્યા સ્વાગત કર્યું હતું, કુત્બી મોહલ્લાના જનાબ સાહેબ શેખ હુસૈનભાઈ સાહીવાળા એ સ્વાગત કર્યું, તે પછી સાયલા, લીંબડી થઈ અમદાવાદ થી બરોડા, સુરત, દાંડી થઈ ને ૪ ડિસેમ્બર ના રોજ મુંબઈ ખાતે પહોંચી જશે, આ બાઇક યાત્રાનુ નામ (ડી.ડી.એલ.જે - દીન દુનિયા કી લોંગ જર્ની) હતું. બાઇક યાત્રા દરમિયાન સ્થાનિક સમુદાયો અને વ્યક્તિઓ મળવા આવેલા અને ઉષ્માભર્યા સ્વાગત કરેલું. આ બંને યુવાઓ અલગ અલગ જગ્યાઓની માહિતી મેળવી પોતાનાં ફોલોઅર્સને તે જગ્યાની માહિતી શેર કરવાનો તેઓ શોખ ધરાવે છે તેમ શેખ યુસુફભાઈ જોહર કાર્ડસવાળાએ જણાવ્યું હતું.





## મહારાષ્ટ્રના સ્વાભિમાની નેતા, સામાન્ય માણસમાં રહેનાર VIP નહીં, CM એટલે કોમન મેન

# શા માટે એકનાથ જી શિંદે ?




લાલસીંગ રાજપુરોહિત શિવસેનાના વફાદાર સિપાઇ છે તથા એકનાથ શિંદેના ખુબ જ નજીકના મનાઇ રહ્યા છે

મુંબઇ, તા. ૧ઃ કાંદીવલી વિધાનસભા, ચારકોપ વિધાનસભા તથા મલાડ વિધાનસભાના વિભાગ પ્રમુખ શ્રી લાલસીંગ રાજપુરોહિતના માર્ગદર્શન હેઠળ શિંદે સાહેબની શિવસેનામાં રહીને અનેક કામો કર્યા છે લાલસીંગ રાજપુરોહિતે નિષ્ઠાપૂર્વક પાર્ટીની બધી જ કામગીરી કરી છે. એક નિષ્ઠાવાન શિવસૈનિક તરીકે અનેક કાર્યો જેમ કે બ્લડ ડોનેશન કેમ્પ, શિવ જયંતિ, ગણેશ મહોત્સવ તથા તેમના વિધાનસભામાં આવતા તમામ નાના લોકોને મદદરૂપ થયા છે.

લાલસીંગ રાજપુરોહિતે જણાવ્યું હતું કે, શ્રી એકનાથ સંભાજી શિંદેએ લોકોને સાથે લઇને પોતાનું નેતૃત્વ ઉભુ કર્યુ છે.

શ્રી એકનાથ સંભાજી શિંદે સામાન્ય ખેડૂત પરિવારમાં જન્મેલા, તેઓ સામાન્ય લોકોના નેતા બન્યા અને સામાન્ય લોકોમાંથી જ આવીને તેઓએ મહારાષ્ટ્રની બાગડોર સંભાળી સીએમ બન્યા છે. શ્રી એકનાથ સંભાજી શિંદે એક પ્રેમાળ ભાઇ બની મહારાષ્ટ્રની દરેક બહેનો




સાથે અડગ ઉભા રહે છે. કોઇ પણ કપરી પરિસ્થિતિ હોઇ ગરમી, પવન, વરસાદ કોઇપણ જગ્યાએ પહોંચી શ્રી એકનાથ સંભાજી શિંદે મહારાષ્ટ્રમાં ન્યાય અપાવવા હંમેશા કટિબદ્ધ રહે છે.

હિન્દુ સમ્રાટ બાળાસાહેબ ઠાકરે અને ધરમવીર આનંદ દિઘેને અને શ્રી એકનાથ સંભાજી શિંદે પોતાને સાચા શિવસૈનિક માને છે.

આવા મહારાષ્ટ્રના સ્વાભિમાની નેતા, સામાન્ય માણસમાં રહેનાર VIP નહીં, CM એટલે કોમન મેન અકીબાર શ્રી એકનાથ સંભાજી શિંદે.

રિપોર્ટરઃ હેમલ વિઠલાણી








# છાડવાવદર ગામે માધ્યમિક ગ્રાન્ટેડ જે.જે. કાલરીયા સ્કૂલ બોગસ રીતે ધમધમી રહી હતી

## ધોરાજી તાલુકાના વિદ્યાર્થીઓ વગરની શાળાના શિક્ષકને ૧૦ વર્ષથી મળે છે પગાર

### ■ સરકારી ચોપડે ચાલુ અને સત્ય હકીકતમાં બંધ બોગસ સ્કુલનો મામલો સામે આવ્યો

ધોરાજી, તા. ૧ઃ નકલીની ભરમાર વચ્ચે હવે ધોરાજી  તાલુકામાં નકલી સ્કૂલ ઝડપાઈ છે. ધોરાજીના છાડવાવદર ગામ ખાતે બોગસ સ્કૂલ ચાલતી હોવાનો ગ્રામજનોએ ખુલાસો કર્યો છે. સ્કૂલમાં વિદ્યાર્થીઓ આવતા ન હોવા છતાં શિક્ષક ૧૦ વર્ષથી સરકારી પગાર લેતાં હોવાની સત્ય ઉજાગર કર્યું હતું  સમગ્ર મામલો ઉજાગર થતા શાળાના આચાર્ય અને શિક્ષકો ગાયબ થઈ ગયા હતા. તેમજ રાજકોટ શિક્ષણ અધિકારીની ટીમ પણ વિઝીટ માં પહોંચી હતી

મળતી માહિતી મુજબ, રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકાના છાડવાવદર ગામમાં જે. જે. કાલરીયા સ્કૂલ બોગસ હોવાનો ગ્રામજનો સહિતના જાગૃત નાગરિકોએ ઘટસ્ફોટ કર્યો છે. ગ્રામજનોના જણાવ્યા અનુસાર, છેલ્લા ૧૦ વર્ષથી આ સ્કૂલ બંધ હાલતમાં છે.ચોંકાવનારી વાત તો એ છે કે સ્કૂલમાં



વિદ્યાર્થીઓના નામ બોલાઈ રહ્યાં છે, પરંતુ એક પણ વિદ્યાર્થી અભ્યાસ કરવા આવતા નથી.તેમ છતાં વિદ્યાર્થીઓના નામે શિષ્યવૃતિ સહિતના તમામ પ્રકારનું શૈક્ષણિક લાભ આ સ્કૂલ મેળવી રહી છે. આ ઉપરાંત, ૧૦ વર્ષથી શિક્ષક પગાર પણ મેળવતા હોવાની સમગ્ર હકીકત બહાર આવી હતી.

આ માધ્યમિક સ્કૂલ ટ્રસ્ટ દ્વારા ચલાવવામાં આવી રહી છે તેમજ જેમાં ધો.૯ અને ૧૦ એમ બે ધોરણની ચાલી રહ્યા હોવાની વિગતો સામે આવી હતી તેમજ. મુખ્ય વાત તો એ છે કે આ સ્કૂલમા આજુબાજુના ત્યાંના એક પણ ગામના વિદ્યાર્થીઓ આ સ્કૂલમાં અભ્યાસ કરવા નથી આવી રહ્યા તેમ છતાં પણ આજ સ્કૂલ ધમધમી રહી હતી. જે સરકાર તેમજ શિક્ષણ વિભાગના ઉલ્લુ બનાવી અને ગ્રાન્ટ અને શાળાના શિક્ષકો પગાર મેળવી રહ્યા હતા. આ સ્કૂલમાં માસ્ટર રોલ પ્રમાણે ધોરણ ૧૦ અને ધોરણ ૯ માં ૫૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા હોવાની સમગ્ર હકીકત બહાર આવ્યું હતું.

મુખ્ય વાત તો એ છે કે આજ દિવસ સુધી શિક્ષણ અધિકારી,શિક્ષણ વિભાગ કે સ્થાનિક લેવલના તંત્રને આ સ્કૂલ કોઈ દિવસ ધ્યાને નથી આવી તેમજ આવું બોગસ પ્રકરણ ચલાવવામાં આવી રહ્યું હતું   ગ્રામજનોનો દાવો છે કે, રાજકારણીઓની રહેમરાહે ગામમાં આ સ્કૂલ ધમધમી રહી હતી.

રાજકોટ જિલ્લા શિક્ષણ અધિકારી ટીમ પણ આ સ્કૂલ ખાતે પહોંચી હતી અને સમગ્ર રિપોર્ટ તૈયાર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ બાબતે ટેલીફોનિક રાજકોટ જિલ્લા શિક્ષણ અધિકારી સાથે વાત કરતા જણાવ્યું હતું કે. આ સત્ય હકીકત છે અમારી ટીમ જ્યારે તે સ્કૂલે વિઝીટ કરી ત્યારે એક પણ વિદ્યાર્થી અભ્યાસ નહોતો કરી રહ્યોનો પણ આ બાબતે ખુલાસો થયો હતો. છેલ્લા ઘણા સમયથી ચાલતી આ માધ્યમિક સ્કૂલમાં ધોરણ ૯-૧૦ની ગ્રાન્ટ પણ મેળવવામાં આવતી હતી. સમગ્ર મામલે વિવાદ સામે આવતાની સાથે જ ટ્રસ્ટીઓ અને શિક્ષકો ગાયબ થઈ ગયા છે.

# ભાનુબેન બાબરીયાના હસ્તે રાજકોટના પાળ ગામે ૧૧ કરોડના વિકાસ કામોનું ખાતમુહૂર્ત-લોકાર્પણ

## ■ અધિકારી-કોન્ટ્રાક્ટરોને ગુણવત્તાસભર કામ કરવા મંત્રીની ટકોર



રાજકોટ, તા. ૧: ગુજરાતના સામાજિક ન્યાય અને અધિકારીતા તેમજ મહિલા અને બાળ કલ્યાણ વિભાગના મંત્રી ભાનુબેન બાબરીયાના હસ્તે રાજકોટ ખાતે મવડી-પાળ બ્રિજ તથા બોક્સ કલ્વર્ટ રાજપરા-ભાડુઇ-સર રોડના કુલ ૯.૮૮ કરોડના કામો તથા તાલુકા પંચાયત, લોધીકા હસ્તકના વિવિધ વિકાસના કુલ ૮૦.૨૯ લાખના કામોનું ખાતમુહૂર્ત- લોકાર્પણ અને મફત ઘરથાળના ૧૦૦ ચો.વારના પ્લોટના સનદ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો.

મંત્રી ભાનુબેન બાબરીયાએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ગામડાઓમાં પણ શહેર જેવી સુવિધાઓ વિકસે તે માટે સતત દરકાર લેવામાં આવી રહી છે. અંદાજે ૯ કરોડના ખર્ચે બનનાર આ નવા મેજર બ્રિજથી મવડી-પાળ- રાવકી-માખાવડ ગામના લોકોની આવાગમનની સુવિધાનો ઉમેરો થશે, વળી ચોમાસામાં પડતી તકલીફનું નિવારણ પણ થશે. એટલું જ નહિ અધિકારીઓ અને કોન્ટ્રાકટરને ગુણવત્તાસભર કામ થાય તે માટે તકેદારી રાખવા મંત્રીએ તાકીદ કરી હતી.

વધુમાં તેમને જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની કાર્યપ્રણાલીના કારણે જ આજે ગુજરાત વિકાસનું રોલ મોડલ બન્યું છે, જે કાર્યપ્રણાલીને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સરકાર આગળ વધારી રહી છે. પ્રધાનમંત્રીએ લોકોના ઘરના ઘરનું સ્વપ્ન સાકાર કર્યું છે. જેના પરિણામે જ આજે લોધિકા ખાતે પણ અનેક પરિવારોને ઘરથાળનો પ્લોટ આપવામાં આવી રહ્યો છે. લોધિકા તાલુકામાં અંદાજે ૨૬૫.૭૬ કરોડના વિવિધ વિકાસ કામોની મંજૂરી મળી છે. જેનાથી લોધિકા તાલુકો વિકાસની હરોળમાં અગ્રેસર થયો છે.

નારી વંદના બીલ પસાર થતા આવનારા દિવસોમાં વિકસિત ભારતના શ્રેષ્ઠ સમયમાં મહિલાઓ રાજકીય ક્ષેત્રે પણ વધુ સહભાગીતા નોંધાવશે તો શ્રેષ્ઠ ભારતના નિર્માણમાં જો બાળકો અને માતાઓ તંદુરસ્ત હશે તો જ તેનો પાયો મજબૂત થશે તે માટે માતાઓ પોતાના બાળકોના પોષણની ચિંતા કરી સરકાર દ્વારા આપવામાં આવતા પોષણયુક્ત ખોરાકનો ઉપયોગ કરે તેવો અનુરોધ મંત્રી દ્વારા કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમમાં ઉપસ્થિત રાજકોટના સાંસદ પુરુષોત્તમ રૂપાલાએ જણાવ્યું હતું કે, આજે ગ્રામ્ય વિસ્તારોમાં પણ શહેરની જેમ અનેક વિકાસ કાર્યો એકસાથે હાથ ધરાઈ રહ્યા છે, ત્યારે વિકસિત ભારતના સંચાલન માટે બાળકો સમર્થ તો જ બનશે જો તેમના પોષણ, શિક્ષણની કાળજી લેવાશે.

આ મેજર બ્રિજ બનતા ભવિષ્યમાં આસપાસના ગામના બાળકોને શિક્ષણ માટે આવાગમનમાં પડતી ચોમાસા દરમિયાનની તકલીફોનો નિવારણ થશે અને ગુણવત્તાલક્ષી કામગીરીથી આવનારી પેઢીઓ પણ આ વિકાસ કાર્યોનો લાભ લે તે સૌએ સહકારની ભાવના સાથે સુનિશ્ચિત કરવા અપીલ કરી હતી.

# રાજકોટ બાર એસોસિએશનની વેબ સાઇટનું લોન્ચિંગ

## ■ ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસની હાજરીમાં ઈ-ડિરેક્ટરીનું વિમોચન, સંગીત સંધ્યામાં વકીલોએ જૂના ગીતો લલકાર્યા



રાજકોટ, તા. ૧: ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ બિરેન વૈષ્ણવ અને રાજકોટ પ્રિન્સિપાલ ડીસ્ટ્રીકટ જજ વી. બી. ગોહિલ અને ફેમિલી કોર્ટના પ્રિન્સીપાલ જજ બી. એસ. પરમારની ઉપસ્થિતિમાં આજે સાંજે અહીં રાજકોટનાં ખાનગી પાર્ટી પ્લોટમાં યોજાયેલા કાર્યક્રમમાં રાજકોટ બાર એસોસિએશનની વેબસાઇટનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું તો ડિરેક્ટરીનું પણ વિમોચન કરાવ્યું હતું. આ તકે યોજાયેલી સંગીત સંધ્યામાં વકીલોએ જૂના ફિલ્મી ગીતો લલકાર્યા હતા.

રાજકોટ બાર એસોસિએશનના વાઇસ પ્રેસિડેન્ટ સુરેશ ફળદુએ જણાવ્યું હતું કે, રાજકોટ બાર એસોસિએશનના ઇતિહાસની ત્રિવિધ ઘટના છે.

રાજકોટ બાર એસોસિયેશનની ઈ ડિરેક્ટરી અને વેબ સાઇટ લોન્ચિંગનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. એડવોકેટ ડિરેક્ટરી વર્ષ ૨૦૧૬માં રાજકોટ બાર એસોસિયેશનની બનાવવામાં આવી હતી. જે પછી આ પ્રથમ વખત ડિરેક્ટરી બનવા જઈ રહી છે.

આ ડિરેક્ટરી એવા પ્રકારની છે કે, જેમાં ફોટો, બ્લડ ગ્રુપ, મોબાઈલ નંબર, રહેણાંકનું એડ્રેસ, સનદ નંબર સહિતની માહિતી આ ડિરેક્ટરીમાંથી મળી રહેશે. આ ઉપરાંત કોઈ ફિઝિકલ ડિરેક્ટરી રાખવા ઇચ્છતા નથી તો તેના માટે મોબાઇલમાં ઈ ડિરેક્ટરી પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે.


તેમણે વધુમાં જણાવ્યું હતું કે, રાજકોટ બાર એસોસિએશનની અત્યાર સુધી વેબસાઇટ ન હતી. જે વેબસાઇટનું લોન્ચિંગ આજે કરવામાં આવ્યું હતું. વેબસાઇટમાં રાજકોટ બાર એસોસિયેશનનો અત્યાર સુધીનો ઇતિહાસ વર્ણવવામાં આવેલો છે. આ ઉપરાંત રાજકોટ બાર એસોસિયેશન દ્વારા કરવામાં આવેલા અલગ અલગ પ્રકારના કાર્યોની રૂપરેખા હશે.

# મનપામાં પ્રજાના કામો નથી થતા, અધિકારીઓ જ કામ ટલ્લે ચડાવતા હોવાનો સાંસદ રામ મોકરિયાનો આક્ષેપ

## કોર્પોરેશનના ૧૮ હોલ લાંબા સમયથી સીલ, ગરીબ-મધ્યમ વર્ગને ખાનગી પાર્ટીપ્લોટ-હોલ ભાડે રાખવા પડે છે ભાજપ શાસિત મનપા સામે સાંસદે મોરચો માંડતા રાજકારણ ગરમાયું

રાજકોટ,તા.૧


રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયાએ થોડા દિવસ પહેલા રેશનિંગની દૂકાનો પર અપાતા સડેલા અનાજનો જથ્થો કલેકટર સહિતના અધિકારીઓ સમક્ષ રજૂ કરી તંત્રને દોડતુ કરી દીધા બાદ હવે રાજકોટ મહાનગર પાલિકાના તંત્ર ઉપર સાંસદ મોકરીયાનો કોપ ઉતર્યો છે. ભાજપ શાસિત મહાનગર પાલિકાની ભાજપના જ સાંસદે જ મોરચો ખોલી દેતા સ્થાનિક રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે. રામભાઈ મોકરિયાએ એક નિવેદનમાં આક્રોશ ઠાલવતા જણાવેલ છે કે, ફરિયાદ અને સંકલનની મીટીંગમાં પણ કોર્પોરેશનના કમિશનર અને દરેક વિભાગના વહિવટી વડાએ હાજર રહેવાનુ હોય છે. પરંતુ વહિવટી વડાઓ હાજર રહેતા નથી અને તેમના મદદનિશ સ્ટાફને મોકલી આપે છે. દર મહિનાના ત્રીજા શનિવારે ફરિયાદ અને સંકલનની મિટિંગ યોજવામાં આવે છે. આ મિટિંગમાં પ્રજાને લગતા અગત્યના પ્રશ્નો પૂછવામાં આવતા હોય



છે.અગત્યના પ્રશ્નોની ચર્ચા થતી હોય છે.આ મિટિંગમાં કલેકટર તથા મ્યુનિસિપલ કમિશનર તથા દરેક વિભાગના વહીવટી વડાએ હાજર રહેવાનું હોય છે, પરંતુ વહીવટી વડા હાજર રહેતા નથી અને તેના બદલે તેના મદદનીશ/સ્ટાફને મોકલી આપે છે. તેઓ પૂરી તૈયારી સાથે આવતા નથી પ્રશ્નોના જવાબ યોગ્ય રીતે આપતા નથી અથવા તારીખ ઉપર તારીખ નાખીને પ્રશ્ન લંબાવે છે દાખલા તરીકે નેશનલ હાયવે, ટ્રાફિક,માર્ગ મકાન વિભાગ,કોર્પોરેશન વિગેરેના જેવા ઘણા વિભાગોના પ્રશ્ન પેન્ડિંગ હોય છે અને TRP હોનારત પછી કોર્પોરેશનના અધિકારી સાવ નિષ્ક્રિય થઈ ગયા છે તેમજ અધિકારીઓએ રાજીનામાં આપવા લાગ્યા છે અને અમુક અધિકારીઓ જેલમાં છે. આથી પ્રજાના જીવન જરૂરિયાતના કામો થતાં નથી અને વિના કારણે કોર્પોરેશનમાં પ્રજાના કામોને અધિકારીઓ ટલ્લે ચડાવે છે.

TRP હોનારત પછી રાજકોટમાં ૧૮ મ્યુનિસિપલ હોલને શીલ લાગેલા છે. મ્યુનિસિપલ કોર્પોરેશન આ હોલ જાહેર પ્રજાને અને તેમાં પણ ખાસ કરીને મધ્યમ વર્ગ લોકોને લગ્ન પ્રસંગે તથા અન્ય પ્રસંગે વ્યાજબી ભાવથી હોલ ભાડે આપવામાં આવે છે. આ હોલ પ્રજા માટે સત્વરે ખોલવા જોઈએ તેવી રજૂઆત કરેલી છે. મધ્યમ વર્ગના લોકો આ સુવિધાથી વંચિત રહે છે અને નાછૂટકે લગ્ન પ્રસંગે કે અન્ય પ્રસંગે પાર્ટી પ્લોટ કે અન્ય જગ્યા ઊંચા ભાડાથી ભાડે રાખવી પડે છે જેનાથી રાજકોટની પ્રજાને આર્થિક રીતે ખૂબજ મોટું નુકસાન થાય છે. આ બાબતે ફરીવાર કલેક્ટર તથા મ્યુનિસિપલ કમિશનરનું સંસદ સભ્ય રામભાઈએ ધ્યાન દોરીને તાત્કાલિક આ હોલને ચાલુ કરવા માટે કડક તાકીદ કરી છે. ઉલ્લેખનીય છે કે, રાજકોટ મહાનગરપાલિકામાં દાયકાઓથી ભાજપનું શાસન છે. અને ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ બાદ લોકોના સામાન્ય કામો પણ થતા નથી આમ છતાં ભાજપના મોટાભાગના નેતાઓ ચૂપ બેસીને તમાસો નિહાળી રહ્યા છે, ત્યારે ભાજપના સાંસદે અંતે અવાજ ઉઠાવ્યો છે અને કોર્પોરેશનના અધિકારીઓનો કાન આમળ્યો છે.

# રાજ્યમાં શાળાએ ભણતા બાળકોમાંથી દર મહિને ૧,૪૦૦થી વધુને હૃદયની સારવાર, કિડની જન્ય રોગચાળાનું પ્રમાણ પણ વધ્યુ



ગુજરાતમાં બદલાતી જીવનશૈલી, ગુણવત્તા વિહીન પાણી અને ખોરાક તેમજ આનુવાંશિક અસરો હવે નવી પેઢીમાં પણ ઝડપથી દેખાવા માંડી છે. શાળા આરોગ્ય અને રાષ્ટ્રીય બાળ સ્થાસ્થ્ય કાર્યક્રમની માર્ગદર્શક સમિતિની બેઠક આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના અધ્યક્ષપદે શનિવારે મળી હતી. જેમાં ગુજરાતમાં શાળાએ ભણતા બાળકોમાં સૌથી વધુ હાર્ટ સંબંધિત રોગનું નિદાન થયાનો અહેવાલ રજૂ થયો હતો.

દરમહિને ૧૪૦૦થી વધુ બાળકોને સરકારી ખર્ચે હૃદય સંલગ્ન સર્જરી અને સારવાર આપવામાં આવી રહી છે. ઉક્ત કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૧૯થી ૨૦૨૪ના નવેમ્બર સુધીના સાડા પાંચ વર્ષમાં રાજ્યમાં ૧૫.૪૮ લાખ બાળકોને હૃદય સંલગ્ન સર્જરી અને સારવાર આપવામાં આવી છે. સરકારી ખર્ચે અર્થાત સાવ નિઃશુલ્કપણે આપવામાં આવતી આ સારવારમાં ચાલુ વર્ષે એપ્રિલથી લઈ નવેમ્બર વચ્ચેના ૭ મહિનામાં ૧૦,૩૨૦ બાળકોને હૃદય સંલગ્ન સર્જરી- સારવાર અપાઈ છે. બાળકોમાં સામાન્યતઃ કીડની સંબંધિત રોગની ઓછી અસર જોવા મળે છે.

# ક્રાઈમ બ્રાન્ચમાં વધુ એક GST કૌભાંડની ફરિયાદ

## રાજકોટ ૩, જૂનાગઢ ૨, ભાવનગર અને અમદાવાદની ૧-૧ પેઢીએ સાથે મળી કાવતરૂં રચ્યુ

રાજકોટ,તા.૨

રાજકોટમાં ચાર દિવસ પૂર્વે જ ૬૧.૩૮ લાખની જીએસટી ચોરી અંગે ક્રાઇમ બ્રાન્ચમાં મહેશ લાંગા હસ્તકની ૧૪ જેટલી પેઢીઓ સામે ફરિયાદ નોંધાયા બાદ ફરી ૭ બોગસ પેઢીઓ જીએસટીની ઝપટે ચડી જતા ૭૯,૨૦,૩૯૮ રૂપિયાની છેતરપિંડી અંગે ક્રાઇમ બ્રાન્ચમાં વધુ એક ગુનો નોંધવામાં આવ્યો છે. આ ૭ પેઢીઓ પૈકી રાજકોટમાં ત્રણ, જૂનાગઢમાં બે અને અમદાવાદ તથા ભાવનગરમાં એક-એક પેઢી હોવાનું સામે આવ્યું છે તેમજ ૭ પૈકી ૨ પેઢી એવી છે જેના ઉપર ચાર દિવસમાં આ બીજો જીએસટી ચોરીનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

સેન્ટ્રલ જીએસટી કચેરી રાજકોટના સુપ્રિટેન્ડેન્ટ જયપ્રકાશસિંહ રામચંદ્રસિહએ રાજકોટ ડીસીબી પોલીસ સ્ટેશનમાં ૭૯,૨૦,૩૯૮




રૂપિયાની જીએસટી ચોરી અંગે રાજકોટ ગોંડલ રોડ ઉપર માં આશિષ કોમ્પ્લેક્ષમાં આવેલ શ્રી ક્રિષ્ના ટ્રેડીંગ પેઢી, રાજકોટ નંદી પાર્ક દર્શિત કોમ્પ્લેક્ષમાં ૧ આવેલ યેશ ડેવલોપર પેઢી, રાજકોટ સાધુ વાસવાણી રોડ પર ડેકોરા ઉત્સવમાં આવેલ આર કે એન્ટરપ્રાઈઝ, જૂનાગઢ ઝાંઝરડા ચોકડી પાસે ગાર્ડન આઇકોનમાં આવેલ બી જે ઓડેદરા પેઢી, જૂનાગઢના ટીંબાવાડી ગામે મોટી પેલેસમાં આવેલ ક્રીઝલ એન્ટરપ્રાઈઝ, ભાવનગર વાઘાવાડી રોડ પર શુરભી કોમ્પ્લેક્ષમાં આવેલ ઓમ કન્સ્ટ્રક્શન અને અમદાવાદ નંદવિહાર રેસીડેન્સીમાં આવેલ ડી એ એન્ટરપ્રાઈઝ સામે ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદીએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, અજાણી વ્યક્તિ દ્વારા શ્રી ક્રિષ્ના ટ્રેડીંગ નામે પેઢી બનાવી ખોટો ભાડા કરાર કરી ખરા તરીકે રાજકોટ સી.જી.એસ.ટી. ભવન રેસકોર્સ ઓફિસ સહિત ઓનલાઈન રજુ કરી ફેબ્રુઆરી ૨૦૨૩થી માર્ચ ૨૦૨૩ દરમિયાન બોગસ ઈનપુટ ટેક્સ મેળવવા માટે અન્ય ૬ પેઢીઓના સંચાલકો સાથે મળી કાવતરૂ રચી બનાવટી બિલિંગ, બોગસ દસ્તાવેજો અને ખોટી રજૂઆતો દ્વારા ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવવા સરકારને ૭૯.૨૦ લાખનું નુકશાન કર્યુ હતું.

ઉલ્લેખનીય છે કે, ઉપરોક્ત પેઢીઓએ માત્ર એક જ મહિનામાં ૨૦૧ જેટલા વ્યવહારો કર્યા હોવાનું સામે આવ્યું છે. હાલ આ

# એઈડ્સ જન જાગૃતિનું મેઘ ધનુષઃ ૨૧૦૦ ફૂટ લાંબી વિશાળ રેકોર્ડ બ્રેક "રેડ રિબન"



વિશ્વ એઈડ્સ દિવસ ના પૂર્વ સૂર્યોદય રેસકોસ એથ્લેટિકના વિશાળ ગ્રાઉન્ડમાં જી. ટી. સ્કૂલના રમોત્સવમાં એઈડ્સ પ્રીવેન્સન કલબના સથવારે ૨૧૦૦ ફૂટ લાંબી વિશાળ રેકોર્ડ બ્રેક રેડ રીબીન નિર્માણ કરવામાં આવી હતી, જેમાં શાળાના ધોરણ ૪ થી ૧૨ ના બે હજાર થી થી વધુ છાત્રો, સ્ટાફ અને શાળા પરિવાર જોડાયો હતો. આ કાર્યક્રમમાં શાળાના ટ્રસ્ટીઓ હાજર રહીને બાળકોને શુભેચ્છા પાઠવી હતી.

વિશ્વ એઈડ્સ દિવસ નિમિત્તે સ્કૂલ ઓફ સાયન્સ, ખંભાળા ખાતે સેમિનાર યોજવામાં આવેલ છે, અને સોમવારે કણસાગરા મહિલા કોલેજ ખાતે કોલેજ છાત્રોનો સેમીનાર અને રેડ રીબન સાથે જનજાગૃતિ રેલી નું આયોજન કરવામાં આવેલ છે.

આજ દિવસે જિલ્લા શિક્ષણ અધિકારીના સહયોગથી શહેર જિલ્લાની તમામ ૧૫૦૦ થી વધુ શાળાઓમાં ધોરણ નવ થી ૧૨ ના છાત્રો રેડ રિબન બનાવીને રાષ્ટ્રીય એઈડ્સ જનજાગૃતિના કાર્યક્રમમાં ભાગ લેશે , સંસ્થાના ચેરમેન અરુણ દવે જણાવેલ છે

# રાજકોટના અધિક કલેકટર ચેતન ગાંધીની ગાંધીનગર પુરવઠા વિભાગમાં બદલી

## નવા ૧૮માં ADM તરીકે આલોક ગૌતમ કાલે ચાર્જ સંભાળશેઃ રાજયના જીએએસ કેડરના ૩૭ અધિકારીઓની સામુહિક બદલીના ધડાધડ ઓર્ડરો

રાજકોટ,તા.૧

રાજય સરકારના જનરલ એડમીનીસ્ટ્રેશન વિભાગ દ્વારા રાજકોટના અધિક કલેકટર ચેતન ગાંધી સહિત ગુજરાત વહીવટી સેવામાં ફરજ બજાવતા જીએએસ કેડરના ૩૭ અધિકારીઓની બદલી કરી તેઓના ઓર્ડર ઈશ્યુ કરી દેવામાં આવેલ છે.જેમાં રાજકોટના અધિક કલેકટર ચેતન ગાંધીને હવે ગાંધીનગર પુરવઠા વિભાગમાં જોઈન્ટ ડાયરેકટર તરીકે મહત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી છે. જયારે તેમના સ્થાને રાજકોટમાં આલોક ગૌતમને મૂકવામાં આવેલ છે.

રાજકોટના ૧૮માં અધિક કલેકટર તરીકે આલોક ગૌતમ સોમવારે તા.૨ના રોજ ઉઘડતી કચેરીએ તેમના આ નવા હોદ્દાનો



ચાર્જ સંભાળી લેનાર છે. રાજકોટના અધિક કલેકટર ચેતન ગાંધીની માત્ર એક વર્ષના ટુંકા ગાળામાં જ બદલી કરી તેઓને ગાંધીનગર પુરવઠા વિભાગમાં જોઈન્ટ ડાયરેકટર તરીકે જવાબદારી સોંપવામાં આવી છે.અધિક કલેકટર ચેતન ગાંધીએ રાજકોટમાં બજાવેલી ફરજ દરમિયાન એમ.એસ.એમ.ઈ. કેસોનો નિકાલ સિવીલ હોસ્પિટલમાં તપાસણી, તેમજ નોંધપાત્ર મહેસુલી કામગીરી કરી છે.અહીં એ ઉલ્લેખનીય છે કે, રાજયના જી.એ.એસ. કેડરના આ ૩૭ અધિકારીઓની કરાયેલી બદલીમાં પોરબંદરના જિલ્લા પુરવઠા અધિકારી કુ.એચ.પી. જોશીની બદલી કરી તેઓને દેવભૂમિ દ્વારકા ખાતે ડીસ્ટ્રીકટ રૂરલ ડેવલોપમેન્ટ એજન્સી (ડી.આર.ડી.એ.)માં ડાયરેકટર તરીકે નિયુકિત કરવામાં આવી છે. આવી જ રીતે પોરબંદરના એડીશ્નલ કલેકટર આર.એમ. રાયજાદાની ગુજરાત હાઉસીંગ બોર્ડ અમદાવાદ ખાતે ડે.કમિશ્નર તરીકે નિમણુંક કરવામાં આવી છે. જયારે તેમના સ્થાને ગુજરાત કાઉન્સીલ ઓફ સાયન્સ સીટીના એકઝીકયુટીવ ડાયરેકટર જે.બી. વાઢેરની પોરબંદરમાં નિમણુંક કરવામાં આવી છે.

# દર્દીઓને જસદણ સુધીના ધક્કા બચશે, વીંછિયા પંથકમાં ૨૭ કરોડના ખર્ચે બનશે આધુનિક હોસ્પિટલ

જસદણ,તા.૨

રાજયના જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળિયાના હસ્તે વિંછીયાના લાલાવદર ખાતે પેટા આરોગ્ય કેન્દ્રના નવીનીકરણના કામનું ખાતમુહૂર્ત કરાયું હતું. આ તકે મંત્રીએ જાહેરાત કરતા જણાવ્યું હતું કે, વીંછિયા પંથકમાં ૨૭ કરોડના ખર્ચે આધુનિક સગવડયુક્ત નવી હોસ્પિટલ બનાવવામાં આવશે. આ માટેની કામગીરી શરૂ થઈ ગઈ છે અને આગામી ટૂંક સમયમાં આ સુવિધાનું પણ લોકાર્પણ કરી દેવામાં આવશે.

વધુમાં બાવળીયાએ લોકોને સંબોધતા કહ્યું હતું કે, આશરે રૂ.૨૭.૨૮ લાખના ખર્ચે તૈયાર થનારા આ પેટા આરોગ્ય કેન્દ્રમાં પ્રાથમિક સ્તરની તમામ આરોગ્ય સારવાર મળશે. આ તકે વીંછિયા તાલુકામાં આરોગ્યલક્ષી સુવિધાઓ અંગે કહ્યું હતું કે,




જસદણ તથા વીંછિયાના લોકોને ડાયાલીસીસ માટે રાજકોટ જવું ન પડે તે માટે, જસદણની સબ ડિસ્ટ્રિકટ હોસ્પિટલમાં ડાયાલિસિસની સુવિધા શરૂ કરાઇ છે. ઉપરાંત અમરાપુરમાં પણ આ સુવિધા શરૂ થઈ ગઈ છે. આ તકે તેમણે દેવપરાના પાટીયા નજીક રૂ.૨૭ કરોડના ખર્ચે નવી આધુનિક મોટી હોસ્પિટલ બનાવવાની પણ જાહેરાત કરી હતી. વધુમાં વીંછિયા તથા જસદણ તાલુકાના મોટાભાગના ગામોમાં દવાખાના કે સામુહિક આરોગ્ય કેન્દ્ર થકી આરોગ્યલક્ષી સુવિધા ઊભી કરાઇ છે. આ બન્ને તાલુકામાં આરોગ્ય કર્મચારીઓમાં મોટાભાગનો સ્ટાફ પણ સ્થાનિક હોવાનું તેમણે જણાવ્યું હતું.

આ કાર્યક્રમમાં રાજકોટના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. પી.કે. સિંધે જણાવ્યું હતું કે, આ વિસ્તારમાં મંત્રી કુંવરજીભાઈના પ્રયાસો થકી ટૂંકા ગાળામાં નવા ચાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બન્યા છે.

# એરપોર્ટ પર ૬ વર્ષમાં ૩૧૯ વખત વિમાન સાથે પક્ષી-પ્રાણી ટકરાયાં, ૨૦૨૩માં સૌથી વધુ ૮૧ ઘટના બની

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે વિમાન સાથે પક્ષી-પ્રાણી ટકરાવવાની ૬ વર્ષમાં ૩૧૯ ઘટના નોંધાઇ ચૂકી છે. અમદાવાદ એરપોર્ટમાં અદ્યતન ટેક્નોલોજી અપનાવ્યા બાદ બર્ડ હિટની ઘટનામાં હવે નોંધપાત્ર ઘટાડો થયાનો દાવો કરાયો છે. સામાન્ય રીતે ચોમાસામાં બર્ડ હિટના કેસ વધારે જોવા મળતા હોય છે. બર્ડ હિટથી મુસાફરોનો જીવ જોખમમાં મૂકાય જ છે તેની સાથે એરક્રાફ્ટને પણ ભારે નુકસાન થતું હોય છે. ઘણીવાર વિમાનના એન્જિન સાથે બર્ડ હિટ થતાં બ્લેડ પણ તૂટી જવાની ઘટના સામે આવે છે. આ અંગે અમદાવાદ એરપોર્ટના સૂત્રોએ જણાવ્યું કે, બર્ડ હિટને અટકાવવા માટે એરપોર્ટે વ્યાપક પક્ષી વ્યવસ્થાપન કાર્યક્રમ અમલમાં મૂક્યો છે. જેમાં ટાર્ગેટેડ વનસ્પતિ વ્યવસ્થાપન પ્રથમ છે.



આ પદ્ધતિમાં ઘાસ વૃદ્ધિચક્રની વ્યવસ્થાપન વ્યૂહરચના લાગુ કરાઇ છે. પક્ષીઓ જંતુ આરોગવા આવે નહીં માટે એરપોર્ટમાં સોઇલ ટ્રીટમેન્ટ હાથ ધરવામાં આવે છે. અદ્યતન જંતુ આકર્ષણ તકનીકોમાં ફેરોસ લાઇટ ટ્રેપ તેમજ બ્લેક લાઇટ ટ્રેપનો ઉપયોગ થાય છે. પક્ષીને એરપોર્ટ સ્ટ્રક્ચરમાં બેસતા અટકાવવા હાયપર અર્બન બર્ડ મેનેજમેન્ટ ટેક્નોલોજીને અનુરૂપ કસ્ટમાઇઝ્ડ એન્ટિ પર્ચિંગ ડિવાઇસ ઇન્સ્ટોલ કરાઇ છે. કબૂતરોની અવર-જવર મર્યાદિત કરવા માટેની પેટન્ટ ટેક્નોલોજી છે. જેના દ્વારા પક્ષીનો ઉપદ્રવ ૯૫ ટકા ઘટ્યો છે. '

### તંત્રએ બોર્ડ એક્ઝામની તૈયારી આદરી

# પરીક્ષા કેન્દ્રો સુધી ઝડપી અને સુરક્ષિત પ્રશ્નપત્રો પહોંચાડવાનું જડબસલાક આયોજન

## પરીક્ષામાં ગેરરીતિ અટકાવવા વિદ્યાર્થીઓને જાગૃત કરાશે

રાજકોટ,તા.૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આ વખતે ૧૫ દિવસ વહેલી એટલે કે ૨૭મી ફેબ્રુઆરી થી ધોરણ ૧૦ અને ૧૨ ની પરીક્ષા માટે પ્રારંભ થઈ રહ્યો છે જેને લઈને રાજકોટ જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આ વખતે ધો. ૧૦ અને ૧૨ માં ૧,૧૪,૫૩૬ વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે જેમાં આ વખતે જિલ્લામાં ૧૦ ઝોન પાડવામાં આવ્યા છે. જે ઝોન પરથી બોર્ડના પ્રશ્નપત્રો પહોંચાડવાના છે તે એ રીતે તૈયાર કરવામાં આવી છે કે ત્યાંથી ૩૫ કિલોમીટરના વિસ્તારમાં આવેલા પરીક્ષા કેન્દ્ર સુધી જ પેપરો પહોંચાડવાના થાય. જેથી પ્રશ્નપત્રો જે વાહનના મોકલવામાં આવે છે તેની સુરક્ષા જળવાઈ રહે અને ૩૫ મિનિટમાં પ્રશ્નપત્રો ઝોન પરથી પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચી જાય. જેમાં સાથે પોલિસ બંદોબસ્ત પણ હશે. આ ઉપરાંત આ વખતે બોર્ડ દ્વારા ગેરરીતી બદલ જે સજાની જોગવાઈ કરવામાં આવી છે તેનુ શાળાઓમા દરરોજ બોલાતી પ્રાર્થના દરમિયાન વાંચન કરવામાં આવશે. જેથી બોર્ડના વિદ્યાર્થીઓ પ્રમાણિકતાથી પરીક્ષા આપે અને પરીક્ષામાં ચોરી ન કરે.

રાજકોટના ઈન્ચાર્જ જિલ્લા શિક્ષણ અધિકારી દીક્ષિત પટેલે જણાવ્યું હતુ કે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૨૭ ફેબ્રુઆરીથી ધોરણ ૧૦ અને ૧૨ ની બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થશે જેમાં રાજકોટ જિલ્લામાં ધો. ૧૦ માં ૬૫,૧૪૨ તો ધો. ૧૨ સાયન્સ અને સામાન્ય પ્રવાહમાં ૪૯,૩૯૪ રેગ્યુલર વિદ્યાર્થીઓનુ રજીસ્ટ્રેશન થયું છે. આ વખતે ધો. ૧૦ અને ૧૨ ના ૧૦ ઝોન બનાવવામા આવ્યા છે. જે માટે રાજકોટ જિલ્લામાં ધો. ૧૦ ના ૫ ઝોન પાડવામા આવ્યા છે. જેમાં ૨ ઝોન રાજકોટ શહેરમાં કાર્યરત રહેશે જ્યારે ગોંડલ, ધોરાજી અને જસદણમાં ૧ - ૧ ઝોન કાર્યરત રાખવામાં આવશે. ઝોન વિસ્તાર વાઈસ પાડવાનું કારણ એ હતું કે જ્યારે બોર્ડની પરીક્ષામાં પેપર વિતરણ કરવામાં આવી રહ્યો હોય ત્યારે તેની ગાડીઓ બહુ દૂર સુધી મોકલવી ન પડે. ઉપરાંત સમય મર્યાદામાં પરીક્ષાનું વ્યવસ્થાપન અને સંચાલન કરી શકાય. હાયર સેકન્ડરીમાં ૪ ઝોન પાડવામા આવ્યા છે. જ્યારે વિજ્ઞાન પ્રવાહના ૩ ઝોન અલગ રાખવામાં આવ્યા છે. જેથી વિદ્યાર્થીઓની પરીક્ષા દરમિયાન બ્લોક - બિલ્ડિંગ સુધી સમયસર પેપરો પહોંચી શકે. બાદમા પરીક્ષા પૂર્ણ થયા પછી વિદ્યાર્થીઓ દ્વારા લખાયેલા પેપરો ફરી ઝોન સુધી સમયસર આવી શકે તે પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ધોરણ ૧૦ અને ૧૨ ની પરીક્ષા ને લઈને ૧૦ ઝોન પાડવામાં આવ્યા છે. ધોરણ ૧૦ ના ૪૦ અને ધોરણ ૧૨ ના ૨૬ પેટા કેન્દ્રો પાડવામા આવ્યા છે. આ તમામ કેન્દ્રો ઉપર પરીક્ષણ સુપેરે આયોજન થઈ શકે તે માટે ૧૦ ઝોનલ મુકવામાં આવશે અને શહેરની કરણસિંહજી હાઈસ્કુલ ખાતે કંટ્રોલરૂમ પણ તૈયાર કરવામાં આવશે. આ સાથે જ દરેક ઝોન ઉપર સ્ટ્રોંગ રૂમ કાર્યરત કરવામાં આવશે. જેમાં ધોરણ ૧૦ ના ૫ ઝોન બનાવવામાં આવ્યા છે જેમાં રાજકોટ એટલે કે સૌરાષ્ટ્ર ઝોનમાંથી પ્રશ્નપત્ર અન્ય જિલ્લાઓને વિતરણ કરવામાં આવતા હોય છે ત્યારે ચૌધરી હાઈસ્કુલ ખાતે મોટું સબ સેન્ટર બનાવવામાં આવશે. જે રાજ્ય પરીક્ષા બોર્ડનું હોય છે. આ ઉપરાંત વિરાણી હાઈસ્કૂલ ખાતે પણ સબ સેન્ટર કાર્યરત રહેશે. પુરા સુરક્ષા બંદોબસ્ત વચ્ચે આ કામગીરી થતી હોય છે.



આ સાથે જ પેપર વિતરણ સમયે ગાડીઓને ૩૦ કિલોમીટરના અંતર સુધી જવું પડે તે પ્રકારની વિતરણ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ઝોન એ રીતે બનાવવામાં આવ્યા છે કે કોઈપણ ઝોનમાંથી જ્યારે પ્રશ્નપત્રો વિતરણ માટે વાહન નીકળે ત્યારે તે વાહનને ૩૦થી ૪૦ કિલોમીટરથી દુર ન જવું પડે. જે રીતે સમય મર્યાદામાં પ્રશ્નપત્રો જે તે પરીક્ષા કેન્દ્રો સુધી પહોંચશે. જો બહુ દૂર સુધી વાહન મોકલવાના હોય તો તે વાહન અને પ્રશ્નપત્રોની સુરક્ષા ખૂબ જ મહત્વપૂર્ણ બની જાય છે અને વાહનો ખૂબ જ વહેલા રવાના કરવા પડે. આ સંજોગોમાં જો વાહનમાં પંચર પડે તે સમયે પ્રશ્નપત્રોની ગુપ્તતાનો ભંગ ન થાય તે માટે આ પ્રકારનું આયોજન કરવામાં આવ્યું છે.

રાજકોટ જિલ્લામાં પરીક્ષા દરમિયાન જુદી જુદી ટીમો કાર્યરત રહેશે. કલેકટર દ્વારા વર્ગ - ૧ અને ૨ ના અધિકારીઓની સ્કવોડ તરીકે નિમણૂક કરવામાં આવે છે. રાજ્ય પરીક્ષા બોર્ડ પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતિ ન થાય તે માટેના નિયમો જાહેર કરે છે. આ વખતે નીતિ નિયમોમાં કોઈ મોટા સુધારા વધારા કરવામાં આવ્યા નથી પરંતુ તે નીતિ નિયમોનું પરીક્ષા દરમિયાન સતત વાંચન કરાવવામાં આવતું હોય છે. જેથી વિદ્યાર્થીઓ તેનાથી જાગૃત થાય. જેથી ટૂંક સમયમાં જ તમામ શાળાઓને સૂચના આપવામાં આવશે કે પ્રાર્થના સમય દરમિયાન બોર્ડની પરીક્ષામાં ચોરી ન કરવા અને જો કોઈ ચોરી કરે તો તે બદલ શું સજાની જોગવાઈ છે તેનું વાંચન કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે માર્ચ - ૨૦૨૪ માં ધોરણ ૧૦ માં ૬૦,૮૧૦ તો ધો. ૧૨ માં સામાન્ય પ્રવાહમાં ૩૮,૧૯૦ અને વિજ્ઞાન પ્રવાહમાં ૧૧,૧૮૦ એટ્લે ૪૯,૩૭૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.



# નવી આવાસ નીતિની જાહેરાત વચ્ચે રાજકોટમાં ૩૩૧૮ ફ્લેટ ખાલી - ૧૬૯૭ ખખડી ગયા

## જુદી જુદી યોજનાઓ હેઠળ બનેલા ૩૭૬૩ આવાસ પૈકી અર્ધામાં રીપેરીંગ શરૂ કરાવવું પડયું બાંધકામ, બારી બારણાના ભૂકકા સોરઠીયાવાડી, ગોકુલનગર, ભગવતીપરા, પોપટપરા, પ્રેમમંદિર પાછળની યોજનાઓની હાલત જર્જરિત

રાજકોટ, તા.30

મ્યુનિ. કોર્પોરેશન દ્વારા રાજકોટમાં હવે નવી આવાસ યોજના માટે ભારત સરકારની પીએમ સ્કીમ ૨.0 હેઠળ ઓનલાઇન સર્વે અને રજીસ્ટ્રેશનની ફ્રી કામગીરી શરૂ કરવામાં આવી છે અને મહાનગરમાં વાસ્તવમાં કેટલા લોકો આવાસ લેવા માંગે છે તેનો સાચો અંદાજ કાઢવા પ્રથમ વખત વ્યવસ્થા અમલમાં મૂકી છે. કોર્પોરેશન દ્વારા છેલ્લા સમયમાં હજારો ફ્લેટ સાથેની વિવિધ ટાઉનશીપ બનાવવામાં આવી છે.

અનેક આવાસ યોજના ખખડી પણ ગઇ છે ત્યારે થોડા વર્ષો પહેલા ચોકકસ લાભાર્થીઓ માટે બનાવવામાં આવેલી ટાઉનશીપ સહિતના ૩૭00 જેટલા આવાસ ફાળવણીના વાંકે ખખડીને પડયા છે. આ પૈકી ૧૭00 જેટલા ફ્લેટ રીપેર કરવા પડે તેવી હાલતમાં રેકર્ડ પર બોલે છે.

નદી કાંઠા, સ્લમ વિસ્તારના લોકો માટે લાખોના ખર્ચે આવાસ યોજના બનાવવામાં આવી છે. પરંતુ અનેક વિસ્તારમાં કવાર્ટરની ફાળવણી ન થવા કે લાભાર્થીઓ દ્વારા સ્થળાંતર ન કરાતા આવાસ જર્જરીત હાલતમાં આવી ગયા છે. અમુક જગ્યાએ એવી હાલત થઇ છે કે ઝોનલ કોન્ટ્રાકટ મારફત રીપેરીંગ કરાવવામાં આવી રહ્યું છે તો નવાગામ વિસ્તારમાં આવેલી સહિતની અમુક આવાસ યોજનામાં તો તોડફોડ અને નુકસાન જેવી અવસ્થા થઇ ગઇ છે. કોર્પોરેશન દ્વારા છેલ્લા દાયકામાં પ્રમાણમાં સારી ગુણવત્તાની આવાસ બનાવવામાં આવી છે. અમુક ટાઉનશીપને સરકારના એવોર્ડ પણ મળ્યા છે. આ અગાઉની અનેક ટાઉનશીપ ખખડી ગઇ છે. તો દાયકામાં બનાવવામાં આવેલી અમુક આવાસ યોજના પણ હવે ખખડવા લાગી છે. ત્યાં સુધી કે આવી આવાસ યોજનાના રીપેરીંગ માટે ટેન્ડર બહાર પાડવા વિચાર કરાયો હતો. હવે કોઇને આવા ફ્લેટ ફાળવી શકાય તેવી હાલતમાં ન હોય તેના રીપેરીંગ ઝોનલ કોન્ટ્રાકટરો પાસે કરાવવામાં આવી રહ્યા છે.

મનપા સુત્રોના જણાવ્યા મુજબ આજી નદી કાંઠા, લલુડી વોંકળી જેવા ચોમાસામાં ડૂબમાં જતા ઝુંપડપટ્ટી વિસ્તારમાં રહેતા લોકોના પુનવસન માટે યોજનાઓ બનાવવામાં આવી હતી. પરંતુ આવાસની સંખ્યાના પ્રમાણમાં સાચા લાભાર્થી મળતા નથી.

તો અનેક દબાણકારોને જુની જગ્યા છોડવી નથી. દોઢ દાયકા અગાઉ આજી નદી કાંઠાના દબાણકારોને ૧૫0 ફુટ રોડના પ્રાઇમ લોકેશનમાં આવાસ ફાળવ્યા બાદ જુની જગ્યાએ ફરી દબાણો થઇ ગયેલા છે તે પણ ઉલ્લેખનીય છે.

અમુક યોજનામાં ચોકકસ સમુદાય માટે ટાઉનશીપ બનાવીને તેમને જ ફ્લેટ આપવા કાર્યવાહી કરવામાં આવે છે. આથી અન્ય લાભાર્થીઓને આવાસ ફાળવી શકાતા નથી. વોર્ડ નં. ૧૪ લલુડી વોંકળીના ઝુંપડા ધારકો માટે સોરઠીયાવાડી ચોકમાં બનાવવામાં આવેલા ટાવરના ફ્લેટ ખખડી ગયા છે. અહીં તમામ ૫૨૮ ફ્લેટ અનટેનેબલ પુનવસન યોજના હેઠળ ખાલી છે.વોર્ડ નં.૬માં ગોકુલનગર પાસેના તમામ ૧૨૮ ફ્લેટ સાગરનગર અને બેટદ્વારકાના લાભાર્થી માટે બનાવાયા છે. આ જ વોર્ડમાં સંત કબીર રોડ ગોકુલનગરમાં ૩૨૧ પૈકી ૬૮ ફ્લેટ પણ આ લાભાર્થીઓ માટે છે. વોર્ડ નં.૪ ભગવતીપરા મેઇન રોડ પર તમામ ૧૫૩૭ ફ્લેટ ખાલી પડયા છે. વોર્ડ નં.૩માં પોપટપરામાં ૮૮૮ પૈકી ૬૯૬ અને વોર્ડ નં.૧૦ પ્રેમમંદિર પાછળ તમામ ૩૬0 ફ્લેટ ખાલી છે. મનપા દ્વારા આ સિવાય પોપટપરા, ગોકુલનગર, ભગવતીપરા, પ્રેમમંદિર પાછળ વગેરે વિસ્તારમાં આવાસો બનાવવામાં આવ્યા છે. આ અર્ધો ડઝન જેટલી આવાસ યોજનામાં રહેલા ૩૭૬૩ પૈકી ૩૩૧૮ આવાસ ખાલી સ્થિતિમાં છે. તે પૈકી ૪ ટાઉનશીપમાં તો રીપેરીંગની જરૂરીયાત હોવાનો અભિપ્રાય આપવામાં આવ્યો છે. એટલે કે કરોડોના ખર્ચ બાદ પણ ગમે તે કારણે આવાસોના કબ્જા સોંપી શકાતા ન હોય કે ખરા લાભાર્થી કબ્જો લેતા ન હોય, ટાઉનશીપ ખખડવા લાગી છે.

આથી પણ પીએમ આવાસ યોજના ૨.0માં પહેલા સર્વે અને રજીસ્ટ્રેશન કરી બાદમાં કેટલા આવાસ બનાવવા તેનો અંદાજ કાઢવા કરસત શરૂ કરવામાં આવી છે. છતાં બીજી તરફ આ પડતર અને ખખડી રહેલા આવાસોની સોંપણી માટે કોઇ કાર્યવાહી થઇ શકતી નથી તે હકીકત છે. શહેરના જુદા જુદા વિસ્તારમાં છ જગ્યાએ રહેલી આવાસ યોજના પૈકી માત્ર બેમાં રીપેરીંગની જરૂર નહીં હોવાનો અભિપ્રાય આવ્યો છે. તો ચારમાં રીપેરીંગની જરૂરીયાત હોય, આ કામગીરી શરૂ કરવામાં આવી છે. આ સંજોગોમાં કોઇ પણ નિયમો લોકો માટે સુધારી, ખરા લાભાર્થીને આવાસના કબ્જા સોંપવામાં આવે તેવી કાર્યવાહી કરવા ફરી સૂચન થયું છે.

# કડકડતી ઠંડી આવી રહી છે સરકારે મોકલાવી ગાઈડલાઈન

## શિયાળામાં લેવાના થતા રક્ષણાત્મક પગલા અંગે એડવાઈઝરી જાહેર કરતી મહાપાલિકા શીતલહેરમાં ઈમરજન્સી સર્જાય તો તુરંત ૧૦૮ – આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરો

રાજકોટ, તા. ૩૦

આગામી દિવસોમાં કડકડતી ઠંડી શરૂ થવા જઈ રહી છે અને સૌરાષ્ટ્રમાં વધુ ઠંડીનો અનુભવ થતો હોય, રાજય સરકારે તમામ જિલ્લા અને મહાનગરોમાં લોકોને ઠંડીથી બચવા લેવાના થતા રક્ષણાત્મક પગલા અંગે માર્ગદર્શન મોકલ્યું છે. મ્યુનિ. કોર્પોરેશનના આરોગ્ય અધિકારી દ્વારા લોકો માટે એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે. સાથે જ વધુ ઠંડીમાં કોઈપણ વ્યકિતને મેડીકલ સહાયની જરૂર પડે, તો નજીકના આરોગ્ય કેન્દ્ર પર જવા નિશુલ્ક એમ્બ્યુલન્સ સેવા માટે ટોલ ફ્રી નંબર ૧૦૮ પર સંપર્ક કરવા પણ જાણ કરવામાં આવી છે. મનપાએ ગાઈડલાઈનમાં જણાવ્યું છે કે રાજયમાં હાલમાં ઠંડીની અસર વર્તાઈ રહેલ હોઈ ઠંડીથી બચવા રક્ષણાત્મક પગલા લેવા જરૂરી છે. જે અન્વયે જરૂરી બાબતો ધ્યાને લેવા માટે આરોગ્ય સલાહ આપવામાં આવે છે. અતિશય ઠંડી જેને ઠંડીનું મોજું કે શીત લહેર કહેવામાં આવે છે ત્યારે સામાન્ય જનતાને માર્ગદર્શન



અપાયું છે. સ્થાનિક હવામાનની આગાહી માટે રેડિયો, ટીવી અને અખબારો જેવા તમામ માધ્યમો દ્વારા આપવામાં આવેલી માહિતીને અનુસરો આવશ્યક ખાદ્ય ચીજવસ્તુઓ, પાણી, બળતણ, બેટરી ચાર્જર ઈમરજન્સી લાઈટ અને જરૂરી દવાઓ કટોકટી માટે તૈયાર રાખો.શીત લહેર દરમિયાન વિવિધ પ્રકારના રોગોની શક્યતાઓ વધી જાય છે. ઉદાહરણ તરીકે ફ્લુ, શરદી, ઉધરસ વગેરેના લક્ષણો જોવા મળે તો સ્થાનિક આરોગ્ય કર્મચારીઓ અથવા ડોક્ટરનો સંપર્ક કરો.શીતલહેર સંપર્કને કારણે હિમ લાગવાથી ચામડીનું સુજવું અને હાયપોથર્મિયા રોગ હોઈ શકે છે. હિમ લાગવાથી ચામડીનું સુજવુંનાં કારણે શરીરના અંગો, આંગળીઓ અને અંગૂઠા સુન્ન થઈ જાય છે, નાક અને કાનની ચામડીનો રંગ સફેદ કે પીળો થઈ જાય છે, જો આવા લક્ષણો જોવા મળે, તો તરત જ ડોક્ટરની સલાહ લો. શીત લહેર દરમિયાન ચુસ્ત કપડાં ન પહેરો, તે રક્ત પરિભ્રમણને ઘટાડે છે. તેથી લુઝ-ફિટિંગ અને સુતરાઉ કપડાં બહારની તરફ અને ઊની કપડાં અંદરની તરફ પહેરો.શીત લહેર દરમિયાન શક્ય તેટલું ઘરની અંદર રહો અને જો અતિ આવશ્યક જરૂરીયાત હોય જ તો ઘરની બહાર નીકળો.

કોવિડ-૧૯ અને અન્ય શ્વસન સંબંધી ચેપથી બચવા માટે, બહાર જતી વખતે માસ્ક પહેરો. અતિશય ઠંડી(શીત લહેર) દરમિયાન ડાયાબિટીસ, હાઈ-બ્લડ પ્રેશર, શ્વસન સંબંધી રોગો જેવા ક્રોનિક રોગોવાળા દર્દીઓએ, વૃદ્ધ પુરુષો/મહિલાઓ જેમની ઉંમર ૬૫ વર્ષથી વધુ છે, ૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકો, સગર્ભા સ્ત્રીઓ વગેરેની આવી પરિસ્થિતિમાં ખાસ કાળજી લેવી જોઈએ. ભારે ઠંડીમાં શક્ય હોય ત્યાં સુધી પાલતુ પ્રાણીઓને ઘરની અંદર રાખો.

અતિશય ઠંડીથી પ્રભાવિત શરીરના ભાગને મસાજ ન કરો તેનાથી વધારે નુકસાન થઈ શકે છે. જરૂર પડે ત્યારે તાત્કાલિક ડોક્ટરની સલાહ લેવા જણાવાયું છે. શીતલહેર સંબંધિત પ્રાથમિક સારવાર વિશે વધુ માહિતી માટે એનડીએમએ એપને અનુસરી શકાય છે.

ઠંડીમાં બાળકોનું ખાસ ધ્યાન રાખો, બાળકને ઠંડી હવાથી બચાવો અને લાંબા સમય સુધી ઠંડીમાં ન રહેવા દો, બાળકોના માથા, ગળા, છાતી અને હાથ-પગને સારી રીતે ઢાંકીને રાખો, બાળકોને એક થી વધારે ગરમ કપડાં પહેરાવો, તેનાથી તેઓ ગરમ રહેશે, બાળકોનું શરીરનું તાપમાન તપાસતા રહો.

જો જરૂરી ન હોય તો ઠંડીમાં બહાર જવાનું ટાળો (ખાસ કરીને વૃદ્ધો અને બાળકો), પુરતા ગરમ કપડાં પહેરો, હાથ-મોજા, પગરખાં, મોજાં, ટોપી અથવા મફલરનો ઉપયોગ કરો, આંખોને ઠંડીથી બચાવવા માટે બહાર નીકળતી વખતે ચશ્માનો ઉપયોગ કરો, રૂમને ગરમ રાખવા માટે ઘરમાં હીટર, બ્લોઅર વગેરેનો ઉપયોગ કરતી વખતે સાવધાની અને તકેદારી રાખવી, શક્ય તેટલું ગરમ અને નવશેકું પાણી પીવો, ઠંડો ખોરાક ખાવાનું અને ઠંડા - પીણા પીવાના ટાળો, શરીરની રોગપ્રતિકારક શક્તિ જાળવી રાખવા માટે પુરતા પ્રમાણમાં પૌષ્ટિક ખોરાક લો અને વિટામિન-સીથી ભરપુર ફળો અને શાકભાજી ખાઓ અને વધુ કેલરીવાળા ખોરાકનું સેવન કરો.

# પામોલીનમાં ભડકો સતત બીજા દિવસે ૩૫નો ઉછાળો

### તમામ ખાદ્યતેલોમાં તેજીનો ઝોક

રાજકોટ તા.૩૦

ખાદ્યતેલના ભાવમાં ફરી તેજીનો દોર શરૂ થયો છે. છેલ્લા કેટલાક સમયથી સિંગતેલ, કપાસીયાતેલ અને પામોલીન તેલના ભાવમાં વધારો નોંધાય રહ્યો છે ત્યારે આજે ફરી સિંગતેલમાં રૂા.૫, કપાસીયામાં રૂા.૫ અને પામોલીનમાં રૂા.૩૫નો ધરખમ ઉછાળો થયો છે. સતત બીજા દિવસે પામોલીયનમાં વધારો થયો છે.

વૈશ્વિક બજારમાં તેજી સર્જાણી છે. દિવાળી બાદથી તેલના ભાવ વધી રહ્યા છે. હાલ લગ્નની સીઝન ચાલુ છે. વધતા ભાવે ગૃહિણીઓનું બજેટ વિખેરી નાખ્યુ છે. આજે સિંગતેલના ભાવમાં રૂા.૫ના



વધારા સાથે નવો ડબ્બો રૂા.૨૪૮૦-૨૫૩૦, જુનો ડબ્બો રૂા.૨૪૩૦-૨૪૮૦, કપાસીયાનો ડબ્બો રૂા.૨૧૮૦-૨૨૩૦, ૨૧૩૫-૨૧૮૫ અને પામોલીનનો ડબ્બો રૂા.૨૧૬૫-૨૧૭૦ એ પહોંચ્યો છે. ગઈકાલે પામોલીયનમાં રૂા.૩૦ વધ્યા હતા. બે દિવસમાં રૂા.૭૫નો વધારો થયો છે.

# રાજયમાં બોટીંગ ફરી શરૂ થશે? નળ સરોવરમાં તૈયારી

## ઓનલાઈન બુકીંગથી માંડીને સુરક્ષાના આકરા નિયમનો એકાદ સપ્તાહમાં પરવાનગી મળવાનો નિર્દેશ

અમદાવાદ,તા.૧

વડોદરામાં હરણી બોટ દુર્ઘટનાકાંડ બાદ રાજયભરમાં બંધ થયેલી બોટીંગ સુવિધા ફરી શરૂ થવાના સંકેત છે પ્રવાસન સ્થળ નળ સરોવરમાં પ્રવાસીઓ માટે તુર્તમાં બોટીંગ શરૂ થશે. સાસણમાં જેમ જંગલ સફારી માટે ઓનલાઈન બુકીંગ ફરજીયાત છે તે જ ધોરણે નળ સરોવરમાં બોટ માટે બુકીંગ કરાવવાનું રહેશે.

પક્ષી અભ્યારણ એવુ નળ સરોવર ૧૬ ઓકટોબરથી પ્રવાસીઓ માટે ખુલી ગયુ છે.વન વિભાગનાં અધિકારીએ કહ્યું કે બોટીંગ માટે કમીટી બનાવવા, પરવાનગી મેળવવા સહીતની ગાઈડ લાઈન તૈયાર કરવામાં આવી છે. બોટમાં ૧૨ ને બદલે ૬ પ્રવાસીઓને બેસાડવા પણ કહેવાયું છે.



બોટ રાઈડ બુકીંગ માટે વેબસાઈટ તૈયાર કરવામાં આવી રહી છે. નિયત સમયમાં જ બોટીંગ પૂર્ણ કરવાનું ફરજીયાત રહેશે.બોટ સંચાલકો તમામ પ્રવાસીઓને લાઈફ જેકેટ પહેરાવવા પડશે.

બોટ સંચાલકોએ કહ્યું કે કમીટી બનાવીને નામ સાથેનું લીસ્ટ તંત્રને આપી દેવામાં આવ્યુ છે. તંત્ર દ્વારા મંજુરી મળે બોટીંગ શરૂ થશે.એકાદ અઠવાડીયામાં જ બોટીંગની આપવાની મૌખિક બાહેંધરી આપવામાં આવી છે. હાલ ભરચકક સિઝન છે એક મહિનો તો પસાર થઈ ગયો છે.

તંત્ર તરફથી હજુ પરવાનગી આપવામાં આવી નથી. નળ સરોવરમાં પ્રવાસીઓ માટે ૪૦૦ જેટલી બોટ છે. ઓકટોબરથી જાન્યુઆરીની સીઝનમાં તેનો ઉપયોગ ટુરીસ્ટ બોટ તરીકે થાય છે અને બાકીના રાજયમાં માછીમારી માટે વપરાય છે.

વન વિભાગનાં પ્રિન્સીપાલ ચીફ કન્ઝર્વેટર નિત્યાનંદ શ્રીવાસ્તવે કહ્યું કે, નળ સરોવરમાં બોટીંગ માટે ઓનલાઈન સીસ્ટમ ગોઠવવામાં આવી રહી છે. સુરક્ષા પરીક્ષણ ચાલુ છે.

# મનપાના કર્મચારીઓ માટેની ઈન્ટર સ્ટાફ ટુર્નામેન્ટ શરૂ કરાવતા ધારાસભ્ય અને શાસક નેતા



રાજકોટ, તા. ૧

રાજકોટ મહાનગરપાલિકા હસ્તકની એસ.પી.વી. રાજકોટ સ્પોર્ટ્સ પ્રમોશન ફાઉન્ડેશન દ્વારા મનપાના અધિકારીઓ, કર્મચારીઓમાં શિસ્ત અને શારીરિક ફિટનેસ તથા ટીમ સ્પીરીટની ભાવના ઉદભવે તેવા હેતુ માટે આજે શ્રી વીર સાવરકર ઈન્ડોર સ્ટેડિયમ ખાતે ઈન્ટર સ્ટાફ બેડમિન્ટન સ્પર્ધા-૨૦૨૪નો પ્રારંભ વિધાનસભા-૬૯ના ધારાસભ્ય ડો.દર્શિતા શાહ તથા શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ દ્વારા બેડ મિન્ટનનો એક રાઉન્ડ રમી કરાવવામાં આવ્યો હતો. આ સ્પર્ધામાં કુલ ૪૮ અધિકારી-કર્મચારીઓ દ્વારા રજીસ્ટ્રેશન કરવામાં આવેલ હતું. જેમાં પ્રથમ પ્રથમ વિજેતાને રૂ.૫૧૦૦, દ્વિતીય વિજેતાને રૂ.૨૧૦૦ અને તૃતિય વિજેતાને રૂ.૧૧૦૦ રોકડ પુરસ્કાર તથા મેડલ આપવામાં આવનાર છે. અલગ અલગ બે કેટેગરીમાં બેડ મિન્ટન સ્પર્ધામાં પુરૂષ કર્મચારીઓ ૨૮ અને સ્ત્રી ૮ એમ મળી કુલ ૩૬ રમતવીરોએ ભાગ લીધો હતો. સ્પોર્ટ્સ સંકુલના મેનેજર કૌશિક ઉનાવા તથા સ્પોર્ટ્સ સંકુલના કર્મચારીઓએ જરૂરી વ્યવસ્થા કરી હતી.

### કલા મહાકુંભ ૨૦૨૪-૨૫

# રાજકોટ શહેર અને ગ્રામ્યનાં સ્પર્ધકો-કલાવૃંદો માટે અરજી મોકલવાની છેલ્લી ૧૮ ડીસેમ્બર

રાજકોટ, તા.૧

ગુજરાત સરકારશ્રીનાં રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર તેમજ કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર આયોજીત અને જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, રાજકોટ દ્વારા સંચાલીત "કલા મહાકુંભ ૨૦૨૪-૨૫" યોજાશે. આ કલા મહાકુંભમાં ૦૬ થી ૧૪ વર્ષ, ૧૫ થી ૨૦ વર્ષ, ૨૧ થી ૫૯ વર્ષ, ૬૦ વર્ષથી ઉપર એમ ૦૪ (ચાર) વયજુથનાં સ્પર્ધકો ભાગ લઈ શકશે. સ્પર્ધકની ઉંમર તા.૩૧/૧૨/૨૦૨૪ની સ્થિતિએ ગણવાની રહેશે. સ્પર્ધા તાલુકા/ઝોનકક્ષાથી લઈને જિલ્લાકક્ષા, પ્રદેશકક્ષા, અને રાજયકક્ષા એમ ક્રમશ યોજવામાં આવશે.આ કલા મહાકુંભ સ્પર્ધામાં વક્તૃત્વ, નિબંધ લેખન, કાવ્ય લેખન, ગઝલ શાયરી, લોકવાર્તા, દુહા-છંદ-ચોપાઇ, ચિત્રકલા, સર્જનાત્મક કારીગરી, લોકનૃત્ય, રાસ, ગરબા, ભરતનાટ્યમ, કથ્થક, કુચિપુડી, ઓડેસી, મોહીનીઅટ્ટમ, શાસ્ત્રીય કંઠ્ય સંગીત (હિન્દુસ્તાની), સુગમ સંગીત, લગ્ન ગીત, સમૂહ ગીત, લોકગીત/ભજન, હાર્મોનિયમ (હળવું), તબલા, ઓરગન, સ્કુલ બેન્ડ, વાંસળી, સિતાર, ગિટાર, સરોદ, સારંગી, પખવાજ, વાયોલીન, મૃદંગમ, રાવણ હથ્થો, જોડિયા પાવા, એક પાત્રીય અભિનય, ભવાઇ જેવી ૩૭ કૃતિઓનું આયોજન કરવામાં આવશે.

કલા મહાકુંભ ૨૦૨૪-૨૫માં ભાગ લેવા ઈચ્છતાં રાજકોટ શહેર અને ગ્રામ્યનાં સ્પર્ધકોએ નિયત નમુનાનાં અરજીફોર્મમાં પોતાની સંપૂર્ણ વિગત ભરી આધારકાર્ડ અને બેંક પાસબુકનાં પ્રથમ પાનાની ઝેરોક્ષ નકલ સાથે "પ્રતિ, જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, રાજકોટ, ૫/૫, બહુમાળી ભવન, રેસકોર્ષ રોડ, રાજકોટ" ખાતે તા.૧૮/૧૨/૨૦૨૪ના બપોરે ૧૨૦૦ કલાક સુધીમાં રૂબરૂ અથવા ટપાલથી મોકલી આપવાનું રહેશે. નિયત સમય મર્યાદા બાદ મળેલી અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહી. તેમ જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી રાજકોટની યાદીમાં જણાવાયું છે.

# રાજકોટ જિલ્લાની પાંચ સહિત રાજયની ૯૪ પાલિકાની ચૂંટણી અંગે તૈયારીઓ શરૂ

રાજકોટ, તા.૧

રાજકોટ જિલ્લાની પાંચ સહિત રાજયની ૯૪ નગરપાલિકાની ચૂંટણીનું જાહેરનામું હવે ટુંક સમયમાં જ પ્રસિધ્ધ થનાર છે. આ અંગે ચૂંટણીપંચ દ્વારા તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.




આ બાબતે ચૂંટણીપંચના મુરલી ક્રિષ્નન દ્વારા રાજકોટ જિલ્લા સહિત રાજયભરના તમામ જિલ્લાઓના કલેકટરો અધિક કલેકટરો અને વિવિધ વિભાગોના અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સ આયોજિત કરી હતી જેમાં મતદાર યાદી, ઈવીએમ ડેટા બેઝ, સ્ટાફ સહિતની તૈયારીઓની માહિતી મેળવી છે.

રાજકોટ જિલ્લાની પાંચ નગરપાલિકાની યોજાનારી ચૂંટણી અંગે મતદાર યાદીની કામગીરી હાલ ચાલી રહી છે. ટૂંક સમયમાં નગરપાલિકાની ચૂંટણી અંગેનો કાર્યક્રમ પણ જાહેર થશે. આજે રાજય ચૂંટણી પંચના એસ મુરલી કૃષ્ણ દ્વારા આજે રાજયોના કલેકટરો સાથે વિડીયો કોન્ફરન્સ યોજી નગરપાલિકા અને ગ્રામ પંચાયત ચૂંટણી અંગે ચર્ચા કરવામાં આવી હતી. રાજકોટ જિલ્લાની પાંચ જેટલી નગરપાલિકાની ચૂંટણી યોજવા જઈ રહી છે જેમાં ભાયાવદર, જેતપુર, ધોરાજી, ઉપલેટા, જસદણ સહિતની નગરપાલિકાની ચૂંટણી યોજાશે જેને લઈ આજે રાજય ચૂંટણી પંચ દ્વારા નિમાયેલા નોડલ ઓફિસરો સાથે એક વિડીયો કોન્ફરન્સ યોજી ચૂંટણી તૈયારીઓની માહિતી મેળવવામાં આવી હતી.

### અમૃતપર્વની ઉજવણીના સંદર્ભે

# સૌ. યુનિ.માં એક દિવસીય "ભારતીય સંવિધાન અમૃતપર્વ પર પ્રબુદ્ધજનોની ભૂમિકા" પર રાષ્ટ્રીય સેમિનાર યોજાયો

રાજકોટ, તા.૧

અનુસ્નાતક સંસ્કૃત ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને ભારતીય વિચાર મંચના સંયુક્ત ઉપક્રમે ભારતીય સંવિધાનના ૭૫ વર્ષ એટલે કે, અમૃતપર્વની ઉજવણીના સંદર્ભે આયોજિત એક દિવસીય રાષ્ટ્રીય સેમીનાર "ભારતીય સંવિધાન અમૃતપર્વ પર પ્રબુદ્ધ જનોની ભૂમિકા" વિષયક એક દિવસે સેમિનાર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કેમ્પસમાં યોજાયો હતો.



આ સેમિનારમાં મુખ્ય વક્તા તરીકે ડો. કૃષ્ણગોપાલ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સહ સરકાર્યવાહ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અધ્યક્ષ તરીકે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના, કુલપતિ પ્રોફે. ડો. કમલસિંહ ડોડીયાએ અધ્યક્ષીય ઉદબોધન કરેલ. આ રાષ્ટ્રીય સેમીનારના ચાર વ્યાખ્યાનો થયા હતા. પ્રથમ સત્રમાં ભારતીય વિચારમંચના કા.અધ્યક્ષ અવધૂત સુમંતએ "સંવિધાનની વિભાવના ભંગ કરવાના પ્રયાસો અને તેની જાળવણી" પર વ્યાખ્યાન આપ્યું હતું. દ્વિતીય સત્રમાં ભારતીય વિચાર મંચના મહામંત્રી અને અખિલ ભારતીય પ્રવાહના સહ સંયોજક ઈશાનભાઈ જોશીએ "ભારતીય સંવિધાન નિર્માણમાં ઉલ્લેખિત મૂલ્યો અને સંસ્કૃતિ" ઉપર મહત્વપૂર્ણ વ્યાખ્યાન આપ્યું હતું. સેમિનારના અંતિમ સમારોપ સત્રમાં પ.પૂ. સ્વામી ડો. પરમાત્માનંદ સરસ્વતીએ "રામરાજ્ય-સંવિધાન અને નાગરીક કર્તવ્ય" અંગે સમારોપ સત્રમાં વ્યાખ્યાન આપ્યું હતું.

આ સેમિનારમાં વિશેષ ઉપસ્થિત તરીકે ડો. જયંતીભાઈ ભાડેસીયા, ડો. મુકેશભાઈ મલકાણ, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘચાલા તેમજ યુનિ.ના બોર્ડ ઓફ મેનેજમેન્ટ એજ્યુકેટી કાઉન્સિલના સભ્યો, અધ્યાપકો, સંશોધકો અને છાત્રો સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ સેમિનારને સફળ બનાવવા માટે કુલપતિના માર્ગદર્શનમાં અનુ. સંસ્કૃત ભવનનો સમગ્ર સ્ટાફ, ભારતીય વિચાર મંચ, રાજકોટ કેન્દ્રના કાર્યકર્તાઓ સર્વે મિતુલભાઈ સુવાગિયા, ડો. ભરતભાઈ ખેર, ડો. ગોવિંદભાઈ વાગડિયા વગેરે કાર્યકર્તાઓ જહેમત ઉઠાવી હતી.



## જનમો જનમના નાતા પરંતુ એક નાતો પણ પૂરો નથી થતો!

# લગ્નજીવનમાં તકરારના કેસમાં ગુજરાત દેશમાં ચોથા નંબરે: ફેમિલી કોર્ટમાં રોજ ૧૬૧ નવા કેસ

**દાંપત્યજીવનમાં ભંગાણના કેસમાં ઉત્તરપ્રદેશ મોખરે, પંજાબ અને કેરળ બીજા – ત્રીજા સ્થાને દંપતીઓ વચ્ચે તૂટતો સમજણનો સેતુ તકરારનું મુખ્ય કારણ**

અમદાવાદ,તા.૧

ગુજરાતની ૫૦ ફેમિલી કોર્ટમાં હાલ ૫૦ હજારથી વધુ કેસ પેન્ડિંગ છે. છેલ્લા એક વર્ષમાં ફેમિલી કોર્ટમાં પેન્ડિંગ કેસમાં ૬૦ ટકાનો વધારો નોંધાયો છે. ગુજરાતની ફેમિલી કોર્ટમાં આ વર્ષે ૩૦મી સપ્ટેમ્બર સુધી ૪૪૦૩૭ કેસ નોંધાયા છે. આમ, આ સ્થિતિએ પ્રત્યેક દિવસે નવા ૧૬૦ કેસ નોંધાયા છે. જેની સરખામણીએ ૨૦૨૩માં ૨૭૧૯૪ કેસ નોંધાયા હતા. આ પૈકી વર્ષ ૨૦૨૩માં ૩૦૦૮૪, વર્ષ ૨૦૨૪માં ૩૦૬૫૯ કેસનો નિકાલ થયો હતો.

આ મુજબ ગુજરાતની ફેમિલી કોર્ટમાં રોજના ૧૧૨ કેસનો નિકાલ થાય છે. આ ઉપરાંત ૫૦૧૨૮ કેસ હાલમાં પેન્ડિંગ છે. આ સ્થિતિએ પ્રત્યેક ફેમિલી કોર્ટ ૧૦૦૦થી વધુ પેન્ડિંગ કેસનું ભારણ ધરાવે છે. વર્ષ ૨૦૨૪ સમગ્ર દેશની વાત કરવામાં આવે તો સૌથી વધુ કેસ નોંધાયા હોય તેમાં ઉત્તર પ્રદેશ ૧.૮૮ લાખ સાથે મોખરે, પંજાબ ૫૫૫૪૭ સાથે બીજા, કેરળ ૪૫૬૨૮ સાથે ત્રીજા, ગુજરાત ચોથા સ્થાને છે. અન્ય મોટા રાજ્યમાંથી મહારાષ્ટ્રમાં ૩૦૨૩૬, મધ્ય પ્રદેશમાં ૩૨૮૭૪, રાજસ્થાનમાં ૩૪૧૭૪ કેસ નોંધાઈ ચૂક્યા છે.

ઉત્તર પ્રદેશમાંથી સૌથી વધુ ૩.૯૮ લાખ, કેરળમાં ૧.૦૯ લાખ, પંજાબમાં ૭૭૬૦૪ જેટલા પેન્ડિંગ કેસ છે. સમગ્ર દેશની ૮૪૮ ફેમિલી કોર્ટમાં ૬.૪૩ લાખ કેસ નોંધાયા છે, ૧૨.૪૨ લાખ પેન્ડિંગ છે જ્યારે ૬.૮૫ લાખ કેસનો નિકાલ થયેલો છે. આ અંગે એડવોકેટ આરૂષી એસ. દેસાઈએ જણાવ્યું કે, છૂટાછેડા અને ભરણપોષણના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. કોરોનાને પગલે માત્ર આંશિક રીતે ટ્રાયલ કોર્ટ ચાલતી હતી અને જેના કારણે કેસના બેકલોગમાં વધારો થયો છે.

નિષ્ણાતોને મતે, છેલ્લા કેટલાક સમયથી દંપતીમાં નાની તકરાર મોટું સ્વરૂપ ધારણ કરવા લાગે છે અને તે છેવટે છૂટાછેડામાં પરિણમે છે. દંપતીમાં સમજણનો સેતુ સતત તૂટી રહ્યો છે અને બંનેમાંથી જાણે કોઈ અહમની દીવાલ તોડવા માટે તૈયાર નથી.₹ગુજરાતની ૫૦ ફેમિલી કોર્ટમાં હાલ ૫૦ હજારથી વધુ કેસ પેન્ડિંગ છે. છેલ્લા એક વર્ષમાં ફેમિલી કોર્ટમાં પેન્ડિંગ કેસમાં ૬૦ ટકાનો વધારો નોંધાયો છે. ગુજરાતની ફેમિલી કોર્ટમાં આ વર્ષે ૩૦મી સપ્ટેમ્બર સુધી ૪૪૦૩૭ કેસ નોંધાયા છે. આમ, આ સ્થિતિએ પ્રત્યેક દિવસે નવા ૧૬૦ કેસ નોંધાયા છે. જેની સરખામણીએ ૨૦૨૩માં ૨૭૧૯૪ કેસ નોંધાયા હતા. આ પૈકી વર્ષ ૨૦૨૩માં ૩૦૦૮૪, વર્ષ ૨૦૨૪માં ૩૦૬૫૯ કેસનો નિકાલ થયો હતો. વર્તમાન સમયમાં મહિલા અને પુરૂષની પ્રાથમિકતા બદલાઈ છે. મોબાઈલ, સોશિયલ મીડિયામાં વધુ પડતો સમય તણાવનું કારણ છે. નાની-નાની વાતોમાં સાસુ-સસરા સાથે અણબનાવના કિસ્સા વધ્યા છે. અમદાવાદની ફેમિલી કોર્ટમાં છૂટાછેડાના ૧૦ હજારથી વધુ કેસ પડતર હોવાનું મનાય છે.

# જાહેર યોજનાને અટકાવી ન શકાયઃ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સામેની અરજી રદ

### પ્રોજેક્ટ સામે અરજી કરનારા રહેવાસીઓને ઝાટકયા

અમદાવાદ, તા.૧

શહેરના સોલા-સાયન્સ સિટી વિસ્તારમાં અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ નાખવાની પ્રસ્તાવિત કામગીરી સામે જાહેર હિતની અરજી કરનાર સ્થાનિક રહીશોની હાઇકોર્ટે ઝાટકણી કાઢીને જણાવ્યું હતું કે આવી જાહેર હિતની અરજીના માધ્યમથી અમે જાહેર વ્યવસ્થાની યોજનાઓને અટકાવી શકીએ નહી.

અરજી કરનારાઓ દ્વારા જ જનરેટ કરવામાં આવતા ડોમેસ્ટીક વેસ્ટનો નિકાલ કરવા માટે એસટીપી પ્લાન્ટ બનાવવામાં આવી રહ્યો છે. આ બાબતે હાઇકોર્ટમાં એક પિટિશન પેન્ડીંગ છે તેમાં દરમિયાનગીરી કરવાની અરજી કરવાની મંજૂરી આપવામાં આવતા અરજી પરત ખેંચી લેવામાં આવી હતી. કેસની વિગતો મુજબ શહેરમાં પૂરતા પ્રમાણમાં એસટીપી પ્લાન્ટ નહી હોવાથી સાબરમતી નદીમાં પ્રદૂષિત પાણી છોડવામાં આવતું હોવા બાબતે ગુજરાત હાઇકોર્ટમાં એક સુઓમોટો જાહેર હિતની અરજીની સુનાવણી ચાલી રહી છે.

હાઇકોર્ટે અમદાવાદ મહાનગરપાલિકાની આકરા શબ્દોમાં ઝાટકણી અને ત્યારબાદ આદેશો કર્યા હોવાથી શહેરમાં ૧૬ એસટીપી પ્લાન્ટ બાંધવામાં આવી રહ્યા છે. તેમાનો એક પ્લાન્ટ શહેરના પોશ અને રહેણાંક વિસ્તાર ધરાવતા સોલા વિસ્તારમાં ગત માર્ચ મહિનામાં ઇન્સ્ટોલ કરવાનું શરૂ કરાયું છે.



આથી સ્થાનિક રહીશો દ્વારા રજૂઆત કરાઇ હતી કે, આ પ્લાન્ટ રહેણાંક વિસ્તાર અને પ્રાથમિક શાળા નજીક બનાવવામાં આવી રહ્યો છે. તેની સામે તળાવ આવેલું છે. સત્તાવાળાઓ દ્વારા ટાઉન પ્લાનીંગ એક્ટ અને પર્યાવરણીય કાયદાઓની જોગવાઇઓનો ભંગ કરીને આ બનાવાઇ રહ્યો છે. આથી તેને અટકાવવો જોઇએ. આથી હાઇકોર્ટે સવાલ કર્યો હતો કે શું તમે એવું ઇચ્છો છો કે શહેરની બહાર આવો પ્લાન્ટ બાંધવામાં આવે?સત્તાવાળાઓ સુધારાના પગલા લઇ રહ્યા છે અને કેટલાક કોલો તેને અટકાવવાનો પ્રાસ કરી રહ્યા છે. અમે આ બાબતે તપાસ કરીને સત્તાવાળાઓને અલગ જગ્યા નક્કી કરવાનું કહી શકીએ નહી. આ એક પબ્લિક પ્રોજક્ટ છે ચેને અટકાવી શકીએ નહી. તમે આમ કરશો તો એસટીપી ક્યાં બાંધવામાં આવશે. લોકોના ડોમેસ્ટીક વેસ્ટનો નિકાલ કરવા માટે જ આ બનવાઇ રહ્યો છે.

બીજી બાજુ સરકારી વકીલ દ્વારા પણ અરજીનો વિરોધ કરીને જણાવ્યું હતું કે, એસટીપી બાબતે ચાલી રહેલી સુઓમોટો પિટિશનમાં આપવામાં આવેલા આદેશના આધારે સોળ એસટીપી પ્લાન્ટ બનાવાઇ રહ્યા છે તેના ભાગરૂપે આ પ્લાન્ટ છે. નિયમો મુજબ જ બનાવાઇ રહ્યો છે. બન્ને પક્ષકારોને સાંભળ્યા બાદ અરજદારે આ ચાલુ અરજીમાં ઇન્ટરવેનર તરીકે જોઇન થવા માટે આ અરજી પરત ખેંચી હતી.

## ભુપેન્દ્રસિંહ નેપાળથી દુબઇ થઇને કેરેબિયન દેશમાં નાસી ગયાની આશંકા

અમદાવાદઃ બીઝેડ ફાઇનાન્સીયલ સર્વિસના રૂપિયા છ હજાર કરોડ રૂપિયાના કૌભાંડના માસ્ટર માઇન્ડ ભુપેન્દ્રસિંહ ઝાલાને ઝડપી લેવા માટે પોલીસે લુક આઉટ નોટિસ જાહેર કરવાથી લઇને ટેકનીકલ સર્વેલન્સના આધારે તપાસ શરૂ કરી છે. પરંતુ આ દરમિયાન પોલીસને માહિતી મળી છે કે ભુપેન્દ્રસિંહ નેપાળ થઇને દુબઇ પહોંચ્યા બાદ કેરેબિયન દેશમાં પહોંચ્યો હોવાની શક્યતા છે. જેના કારણે પોલીસ માટે હવે તેની કડી મેળવવી ખુબ મુશ્કેલ બની શકે તેમ છે. ત્યારે બીજી તરફ તપાસમાં વિગતો બહાર આવી છે કે ભુપેન્દ્રસિંહે નાણાંની હેરફેર કરવા માટે ૧૧ જેટલી કંપનીઓ બનાવી હતી. જેના કુલ ૨૭ જેટલા એકાઉન્ટમાં રહેલી સવા કરોડની રોકડ ફ્રીઝ કરવામાં આવી છે. બીજી તરફ તપાલ માટે પોલીસની સાતથી વધુ અધિકારીઓની અલગ અલગ ટીમ તૈયાર કરવામાં આવી છે.

બી ઝેડ ફાઇનાન્સીયલ સર્વિસના નામે ત્રણ વર્ષમાં નાણાં બમણા અને બાકીના રોકાણ સામે ઉંચા વ્યાજની



લાલચ આપીને ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં હજારો લોકો પાસેથી છ હજાર કરોડ જેટલી માતબર રકમની ઉચાપત કરવાના કરવાના કેસના મુખ્ય આરોપી ભુપેન્દ્રસિંહ ઝાલાને ઝડપી લેવા માટે સીઆઇડી ક્રાઇમ દ્વારા આકાશ પાતાળ એક કરવામાં આવ્યા હતા. જેમાં દેશના તમામ રાજ્યોની પોલીસને માહિતી મોકલવાની સાથે સેન્ટ્લ એજન્સીઓની મદદ લીધી હતી. આ ઉપરાંત, લુક આઉટ નોટિસ પણ ઇસ્યુ કરવામાં આવી હતી. જો કે પોલીસને હજુ સુધી કોઇ કડી મળી શકી નથી. ભુપેન્દ્રસિંહ ઝાલાનું છેલ્લું લોકેશન મધ્યપ્રદેશ હતું. જો કે ત્યારબાદ તે નેપાળ પહોંચીને ત્યાંથી દુબઇ થઇને કેરેબિયન દેશમાં નાસી ગયાની શક્યતા સુત્રો દ્વારા વ્યક્ત કરવામાં આવી છે

## બસ-વાહનોમાં ઠાંસી-ઠાંસીને સામાનનુ પરિવહન રોકવાની અરજી ફગાવતી હાઇકોર્ટ

### ભારતની વસતી – સામાન્ય લોકોની પરિસ્થિતિ સમજવાની ટકોર



અમદાવાદ, તા.૧

રાજ્યમાં ખાનગી લક્ઝરી બસોના સંચાલકો દ્વારા બસના છાપરે અને ડીકીમાં ઠાંસી ઠાંસીને સામાન ભરીને પરિવહન કરવાની પ્રવૃત્તિને અટકાવીને તેના સંચાલકોને દંડ ફટકારવા સહિતની કાર્યવાહી કરવાની માગણી કરવાની જાહેર હિતની અરજી ગુજરાત હાઇકોર્ટે ફગાવી દીધી હતી.

અદાલતે જાહેર હિતની અરજી કરનાર વકીલની આકરા સવાલો પૂછ્યા હતા કે તમે ભારતની વસતી બાબતે ખબર છે? લોકોની પરિસ્થિતી વિશે જાણો છો? તમે ક્યારેય રેલવે કે સરકારી બસોના જનરલ કલાસમાં પ્રવાસ કર્યો છે?તમારે લોકોની પરિસ્થિતી વિશે સમજ કેળવવી જોઇએ. તેના જવાબમાં વકીલે જણાવ્યું હતું કે, ઠાંસી ઠાંસીને સામાન ભરવાથી અકસ્માત થાય છે. જો કે આ જાહેર હિતની અરજીમાં યોગ્ય પક્ષકારો જોડવામાં આવ્યા નહી હોવાથી તેમજ આ અરજી ગેરસમજયુક્ત હોવાનું અવલોકન કરીને અદાલતે ફગાવી દીધી હતી. અદાલતે અરજદારને યોગ્ય સત્તામંડળને અરજી કરવાનો આદેશ કર્યો હતો.

કેસની વિગતો મુજબ એક અરજદાર દ્વારા પીઆઇએલ કરીને રજૂઆત કરવામાં આવી હતી લક્ઝરી બસો અને મુસાફર વાહનોમાં સામાન ભરવામાં આવતો હોવાથી તે મોટર વ્હીકલ એક્ટની જોગવાઇઓનો ભંગ કરે છે.આથી બોર્ડર વિસ્તારો અને હાઇવે ઉપર આવા વાહનોને અટકાવવા જોઇએ. આવી બસો ઉપર દંડ કરીને પેનલ્ટી ફટકારવી જોઇએ. આ બાબતે ગુગલ ઉપર નેશનલ હાઇવે ઓથોરિટીની ફરજો વિશે આપેલી માહિતીના આધારે રજૂઆત કરવામાં આવી હતી. આથી અદાલતે કહ્યું હતું કે ગુગલ ઉપર મુકવામાં આવેલી બધી માહિતી જ્ઞાન હોતું નથી. તમારે યોગ્ય પક્ષકારો જોડવા જોઇએ. આ બાબતે એક્ટમાં જોગવાઇ કરવામાં આવી છે. તે મુજબ કાર્યવાહી થઇ શકે છે. અંતે અદાલતે અરજદારને યોગ્ય સત્તામંડળને રજૂઆત કરવાનો આદેશ કર્યો હતો.

ॐकारा

કર્મ એજ ધર્મ | સનાતન એજ સત્ય | આત્મા એજ પરમાત્મા

સનાતન પુનઃઉત્થાન અને સ્થાપનાના મહાસંકલ્પના ધારક



## પ.પુ. શ્રી ૐ કારા પ્રભુ - ૐ દાદા

હું સૌનો સૌ અમારા, સૌનું સૌને અર્પણ

**: સ્થાપક :**

(૧) ૐકારા સંપ્રદાય (૨) ૐદાદા ફાઉન્ડેશન (૩) ૐકારા મહાસંઘ

જે ધીરજ ધરે એ જ ધાર્યું કરી શકે છે...
જે સહન કરે એ જ સર્જન કરી શકે છે...
જે જતું કરે એ જ જાળવી શકે છે...
જે સ્વીકારી શકે એ જ સમજી શકે છે...

1. Facebook.com/omkaraprabhuji
2. Instagram.com/omkaraprabhuji
3. X.com/omkaraprabhuji
4. Youtube.com/@omkaraprabhuji
5. whatsapp.com/channel/0029VaE9O9e2v1Ip5ipCAR3n

ૐ જ છે આસ્થા,
ૐ માં છે વિશ્વાસ ૐમાં
છે શક્તિ, ૐમાં છે
સંસ્કાર ૐ થી જ થાય છે
સારા દિવસની શરૂઆત
બોલો ૐ ૐ ૐ

PROPERTY ZONE

(૧) મનહર પ્લોટ શેરી નંબર સાતમાં પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે સામે ખેતીલાયક જમીન ચાલશે ૮૦.હજાર ભાડાની આવક સાથે સામે ખેતીની જમીન ચાલશે

(૨) રૈયા રોડ પર ૩૫૮ વાર જગ્યા વેચવાની છે દરેક ધંધાને અનુરૂપ રોડ ટચ

(૫) પંચવટી સોસાયટી ૩૦૫ વાર પ્લોટ વેચવાનો છે

(૬) પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે ત્રણ બેડરૂમ હોલ કિચન લોકેશન સુભાષ નગર મેઈન રોડ

(૭) રૈયા રોડ આલા ગ્રીન સિટી પાસે ૨ બીએચકે નો ફ્લેટ વેચવાનો છે ૬૮૦ કાર્પેટ, લક્ઝરી ફર્નિચર સાથે સાતમો માળ

રાજકોટના પોર્સ વિસ્તારમાં પ્રોપર્ટી લે-વેચ કરવા માટે અમારો સંપર્ક કરવો
મોબાઈલ નં. ૯૯૨૪૧ ૪૭૦૫૯ રમેશભાઈ વાગડીયા

તાત્કાલિક કસમાં ચાલુ વ્યવસાય સાથેનો શોરૂમ વેચવાનો છે
કાલાવડ રોડ પરિમલ સ્કુલ ની સામે જયસીયારામ ટીસ્ટોલની બાજુમાં મોં. 98983 17826


7 ACRE OF GRANDIOSITY
IN THE HEART OF RAJKOT
SAPPHIRE
Skyline
Magnificent
4 BHK Flats & Penthouses
KALAVID
Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
JS
GROUP
@ KALAWAD ROAD,
NEAR CRYSTAL MALL
Contact Us. 73000 60030 • 92746 11111

નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

Daily Morning Newspaper



## ડિજિટલ ભારતની સાથે
## તમે પણ બનો ડિજિટલ...



**તમારા ધંધા-વેપારની જાહેરાત 'સામના મિરર'માં આપી આપના વ્યવસાયને પહોંચાડો લાખો વાંચકો સુધી...**





મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા

**વોટ્સએપ** પર

**Hi લખીને મોકલો**

# 98983 17826



**અને જોડાઇ જાવ અમારી સાથે...**

RAVI ENGLISH INSTITUTE ®

SINCE 2003

Ravi ENGLISH INSTITUTE

Where Growth is A Way of Life

A/C Class

ધો.૪ થી ૧૨ તેમજ ટેટ, ટાટ અને
સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તેમજ ઈઝરાયલ
જેવા દેશોમાં કેર ટેકર તરીકે જવા
ઈચ્છુક વ્યકિતઓ માટે અંગ્રેજી ભાષાનું સચોટ શિક્ષણ.

SPOKEN ENGLISH

૧૦૦% રીઝલ્ટ
ઓરીએન્ટેડ ગેરેન્ટી

અંગ્રેજી આટલું સરળ?

એક વખત અચૂક મુલાકાત લો...

Rasik Mehta
+919879329391

Learn English Language With
Money Back
Guarantee..

FREE TRIAL
3 DAYS

અમારી વિશિષ્ટતાઓ

- બધા લેવલ એક જ ફી માં કરાવતી એકમાત્ર સંસ્થા.
- ધોરણ ૫ થી ૧૨ નું અંગ્રેજી વિષયનું શિક્ષણ પણ મેળવો.
- દરેક બેચમાં મર્યાદિત સંખ્યા અને વ્યકિતગત માર્ગદર્શન.
- ડેઈલી-વિકલી-મંથલી રીવીઝન સીસ્ટમ.
- પ્રોજેક્ટર + કોમ્પ્યુટર દ્વારા આધુનિક શિક્ષણ.
- ૧૦,૦૦૦ જેટલા વાકયો તેમજ૧૦,૦૦૦ જેટલા શબ્દોનું જ્ઞાન પિરસતી એકમાત્ર સંસ્થા.

નવી બેચિઝ
ટૂંક સમયમાં શરૂ.



SCAN TO ENJOY VIDEO

FOLLOW US:
Ravi English Institute

હેડઓફિસ :
"શ્રી હરી કોમ્પલેક્ષ" પહેલા માળે, યુનિ. રોડ,
ધોળકીયા સ્કુલ સામે, શેરી નં.૭ નો ખુણો,
બોમ્બે હાઉસીંગ સોસાયટી મેઈન રોડ,
રાજકોટ. MO. 98793 29391

બ્રાન્ચ ઓફિસ :
૧૫૦ ફુટ રીંગ રોડ, બાલાજી હોલ પાછળ,
ધોળકીયા સ્કુલ પાસે સાગર ચોક,
શિવમ કોમ્પલેક્ષ, પહેલા માળે, રાજકોટ.
MO. 98245 81306

art house



॥ શ્રી ગુરૂ દત્તાત્રેયજી ॥



॥ શ્રી ગણેશાય નમઃ ॥



॥ શ્રી ગાયત્રી માતાજી ॥

# ભાવભર્યું આમંત્રણ

વેદમાતા શ્રી ગાયત્રી માતાજી, શ્રી લક્ષ્મી માતાજી તેમજ
શ્રી સરસ્વતી માતાજીની અસીમ કૃપાથી શ્રી ગુરૂદત્ત જયંતિ નિમિત્તે

## ગુરૂપૂજન

**સં. ૨૦૮૧, માગશર સુદ ૧૫, રવિવાર, તા. ૧૫–૧૨–૨૦૨૪ના**
શુભ દિને આયોજન કરેલ છે. તો આ પાવન અને પવિત્ર પ્રસંગે
સર્વે સેવકગણ તથા ભકતજનોને પધારવા ભાવભર્યું આમંત્રણ પાઠવીએ છીએ.

ગુરૂ ગોવિંદ દોઉ ખડે, કાકે લાગુ પાય.
બલિહારી ગુરૂ આપની, ગોવિંદ દિયો બતાય.



## પૂજ્ય ગુરૂદેવ શ્રી લાલબાપુ

**ગુરૂ પૂજન** : સવારે ૬–૦૦ થી મોડી સાંજ સુધી.
**ભોજન પ્રસાદ** : સવારે ૧૦–૦૦ થી મોડી રાત્રિ સુધી.

● નિમંત્રક ●

**પૂ. શ્રી રાજુ ભગત**
**પૂ. શ્રી દોલુ ભગત**
**શ્રી ગાયત્રી આશ્રમ સેવા સમિતિ**
શ્રી ગાયત્રી આશ્રમ, ગધેથડ,
તા. ઉપલેટા, જિ. રાજકોટ.

SAPPHIRE GOLD

Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
RAJKOT | MUMBAI | AHMEDABAD
jmjprojects.in

# સેફાયર છે ને.. !!
# શું કામ ન મળે સપનાનું ઘર...

| 2 BHK Flats | 3 BHK Flats |
|---|---|
| 618 Carpet | 824 Carpet |

એકવાર સેમ્પલ ફલેટ તો જુઓ, બીજું કંઇ નહીં ગમે...

@ Raiya Road, Opp. Tulsi Super Market, Rajkot

Contact : 94038 90004

RERA Reg. No.: PR/GJ/RAJKOT/RAJKOT/Others/MAA 12629/111123
Web : gujrera.gujarat.gov.in


લાઈફ ટાઈમ*
ડિમેટ એકાઉન્ટ ફ્રી
AM TRADING
ફ્રી એડવાઈઝરી
EQUITY STOCK
IPO/SME IPO
OPTION TRADING
NIFTY BANK NIFTY
COMODITY
CURRANCY
Design by:- With Me Digital : 9537300305
દરરોજ ફ્રી માહિતી મેળવવા માટે આપેલ QR CODE SCAN કરીને જોઈન કરો.
Mayuri Bagadai
63555 17630
AM trading
am_trading71


VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઈ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062